
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ કારતક

## દીપોત્સવી અંક

### પદ ૪૩

લેખક : ૫૦ પૂ૦ આનન્દઘનજી મહારાજ સાહેબ

મેરી તું મેરી તું કાહી ડરેરી, મેરી ।
હે ચેતન સમતા સુનિ આખર,
ઔર દેઢ દિન જૂઠ લરેરી ॥ મેરી ॥ (૧)

આત્મા પોતાની સ્ત્રી સમતાની વિજ્ઞપ્તિ શ્રવણ કરીને તેને કહે છે, "તુંજ મારી ખરી સ્ત્રી છે હવે હું તારા પર કદી ક્રોધ કરનાર નથી. હે સમતે! તું શા માટે ડરે છે? આટલા દિવસ સુધી હું મમતાના ઘેર કૂતરાની પેઠે પડી રહ્યો હતો. તેની ઈંદ્રજાળ વિદ્યાથી હું ભ્રમિત થયો હતો, પણ હવે જાગૃત થયો છું."

ચેતન કહે છે, "હે સમતા! આખર મમતા દોઢ દિવસ લડીને થાકશે, હું તારાથી કદી દૂર થનાર નથી. એમ ખાત્રી ધારણ કર."

( અનુસંધાન ટાઈટલ પેજ ૨૬ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૦ ] નવેમ્બર : ૧૯૮૨ [ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષાભિનંદન | અમરચંદ માવજી શાહ | ૧ |
| ૨ | નૂતનવર્ષના મંગલ પ્રભાતે | — | |
| ૩ | ભગવાન-નેમનાથની અનુકંપા | અમરચંદ માવજી શાહ | ૨ |
| ૪ | આત્મા | પ. પૂ. આ. બુદ્ધિસાગરસૂરીશ્વરજી | ૬ |
| ૫ | જો દીયા વહી મેરા | — | ૭ |
| ૬ | શાશ્વત આત્મ જ્યોતિ | — | ૮ |
| ૭ | પરસ્પર કડીઓ જોડતાં શીખીએ | પ. પૂ. મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ. | ૯ |
| ૮ | મહાવીરસ્વામીનું સ્તવન | રતિલાલ માણેકચંદ શાહ | ૧૦ |
| ૯ | તેરા સો એક | પ પૂ. આ. શ્રી વિદ્યાસાગરજી | ૧૨ |
| ૧૦ | પ્રકાશ-સુવાસ-સંગીત | શ્રી પ્રિયદર્શન | ૧૩ |
| ૧૧ | મોક્ષ જોઈએ છે ને | ભદ્રગુપ્તવિજયજી ગણી. | ૧૫ |
| ૧૨ | જયઉ સવ્વાણું સાસણું | — | ૧૭ |
| ૧૩ | સમાચાર | — | ૨૬ |


## આ....ભા....ર


શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક સ્વ. શેઠશ્રી ભોગીલાલ નગીનદાસભાઈ તરફથી ઘણા વર્ષોથી પંચાંગ ભેટ મોકલવામાં આવે છે. આ વર્ષે પણ સંવત ૨૦૩૯ના સાલના કાર્તિકી જૈન પંચાંગ સભાના બંધુઓને ભેટ આપવા મોકલેલ છે, તે માટે અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

## ઈનામ વહેંચણી

દર વર્ષની માફક આ વર્ષ પણ શ્રી જૈન આત્માનંદ સભા તરફથી એસ. એસ. સી. પ્રથમ તથા સંસ્કૃત પ્રથમનાં ઈનામો શ્રી હીરાભાઈ ભાણજીનાં વરદ હસ્તે આપવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ કારતક : નવેમ્બર-૧૯૮૨ [ અંક : ૧

# નૂતન વર્ષાભિનંદન

( ઝુલણા છંદ )

નૂતન વર્ષની મંગળ ભાવના, સકળ વિશ્વનું કલ્યાણ થાય
તન-મન-ધનની સર્વ સમૃદ્ધિ, પામો સર્વ જીવન સમુદાય –૧

નયનમાં ભરી અમીદૃષ્ટિથી, સૌની ચિત્ત પ્રસન્નતા થાય,
વર્ષ નૂતનમાં અભ્યુદય થઈ, આનંદ પ્રેમ શાંતિ રેલાય –૨

રત્ન સમ માનવ જીવનમાં, સત્ય-ન્યાય-નીતિથી સદાય,
સાનિધ્ય-ધર્મ-અર્થ-કામથી, મોક્ષ પંથે પુરૂષાર્થ કરાય. –૩

ભિન્ન ભિન્ન દેશોના માનવ, સર્વ આપણા મિત્ર ગણાય,
નંદનવન સમ જીવન બાગમાં, સુખ શાંતિથી જીવો સદાય. –૪

દયા-અહિંસા કરુણા દૃષ્ટિ, કલ્યાણકારી ધર્મ ગણાય,
નમ્રતા-સરળતા સંતોષ ભાવથી, અમર જીવન જીવો સદાય –૫

—અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૂતન વર્ષના મંગલ પ્રભાતે

'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક સહસ્ર દલ કમળ સમ વિકસિત, આત્મજ્ઞાનની પમરાટ પ્રસરાવતું, સદ્‌જીવન અર્થે અમૃતસમ પાન કરાવતું, આત્મવિકાસ માટે એક પછી એક સોપાન સર કરવામાં સહાયરૂપ બનતું, સુકૃત્યોને અનુમોદનાના પુષ્પોથી વધાવતું, જ્ઞાન-આરાધના માટે સર્વોત્તમ તક આપતું, સમયના ખળખળ નાદ સાથે તાલ મેળવતું, પ્રગતિના પંથે નિશ્ચિત કદમ સાથે ધપી રહ્યું છે. "ઉચ્ચતમ જીવન અને જીવન સાર્થકતા સાંપડો "–તેવા શુભ આશિષની લ્હાણ વાચકવૃન્દને અર્પે છે.

માસિકમાં વિદ્વાન પુરુષોના લેખો, મહાપુરુષોના ચરિત્રો, જૈન શાસનના જ્ઞાન રૂપ અમૂલ્ય ખજાનાઓ રજુ કરી વાચન રસાસ્વાદને તૃપ્ત કરવામાં અમૂલ્ય ફાળો અર્પે છે. આત્માને આનંદિત બનાવી, આત્માના અંધકાર દૂર કરી પ્રકાશ રેલાવી નામની સાર્થકતા કરે છે. તેથી અમે માસિકને પ્રશંસાના પુષ્પોથી આ મંગળ પ્રભાતે વધાવીએ છીએ, એટલું જ નહિ દરેક વાચક અને સભાના આજીવન સભ્ય મુક્ત કંઠે પ્રશંસા કરે છે એજ તેની સેવાનો પુરસ્કાર છે.

પૂર્વાચાર્યોના સિદ્ધ હસ્તે લખાયેલ સ્તવનો સંસ્કૃત શ્લોકો, સત્ય ઘટનાઓ, ચિંતન કણિકાઓ ભક્તિ સભર કાવ્યો–વગેરે વિધવિધ વાનગીઓના રસથાળ દ્વારા જૈન શાસનની સેવા કરતા કરતા નીજનું નામ "પ્રકાશ" ઉજ્જવળ કરે છે, તે અંગે રસમય અને અસરકારક લેખોની પસંદગી કરવા બદલ અનેક અભિનંદન પત્રો મળ્યા છે,

'પ્રકાશ'ની રોશનીમાં તપસ્વી ભાઇ–બહેનોના તપ, અનુષ્ઠાનોનું વર્ણન, દાન પ્રવાહના ઝરણાં ઝગમગતા બને છે તે જોઈ અમારાં હૃદય આનંદ અનુભવે છે.

જીવનપાયાને નક્કર બનાવનાર કથાનકો, કાવ્યો, જૈન ધર્મના આચાર વિચાર પરના નૂતન શૈલીમાં લખાતા લેખો માટે વિદ્વાન લેખકોને અમારી નમ્ર વિનંતિ છે કે તેઓ સમયે સમયે અમને સારા લેખો મોકલીને આભારી કરે.

આ સંસ્થાનું મહત્ત્વનું કાર્ય જૂના સંસ્કૃત કે માગધી ભાષામાં લખાયેલ પુસ્તકોનું ભાષાંતર કરાવી, છપાવી જૈન જનતા સમક્ષ મૂકવું. તે ધ્યેયના ફળશ્રુતિ રૂપ 'શ્રી સુમતિનાથ ચરિત્ર'નો પ્રથમ ભાગ પ્રકટ કરવામાં આવ્યો છે. વિશેષ આનંદ તો એ બાબતનો છે કે આ પુસ્તક આજીવન સભ્યોને ભેટ તરીકે આપવામાં આવ્યું છે. બીજો ભાગ છાપકામ પૂર્ણ થતાં, સમારોહ સાથે પ્રકટ કરવાની અભિલાષા ધરાવીએ છીએ. શ્રી શ્રીપાળ રાજાનો રાસની બીજી આવૃત્તિ છપાવવામા આવી છે.

આ સંસ્થાના સંસ્કૃત તથા માગધી ભાષાના પુસ્તકોનો લાભ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો લે છે. અભ્યાસ તેમજ વ્યાખ્યાનમાં તેમનો ઉપયોગ કરવામાં આવે છે.

આ સંસ્થા પોતાના જ મકાનમાં જાહેર લાઇબ્રેરી ચલાવે છે અનેક વ્યક્તિઓ સારો એવો લાભ લે છે. પુસ્તકોના લાભ મેળવવા માટે વાર્ષિક ફી ૨ રૂા. રાખેલ છે. પરિણામે જૈન તથા જૈનેતર ભાઈ બહેનો સારો લાભ લે છે.

જૈન વિદ્યાર્થીઓ અભ્યાસમાં સારા ગુણ મેળવી ઉત્તીર્ણ થાય તે માટે સંસ્થા તરફથી શ્રેષ્ઠ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યાર્થીઓને ઇનામ પણ આપવામાં આવે છે. એસ. એસ. સી. પરીક્ષામાં પાસ થઇ આગળ અભ્યાસ કરનાર ભાઇ બ્હેનોને આ વર્ષે રૂા. ૩૦૦૦ની શિષ્યવૃત્તિ આપી છે. જેથી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને અભ્યાસમાં વિક્ષેપ ન પડે. દિન-પતિદિન મોંઘવારીનો આંક આગળ ધપતો રહે છે તેથી ઉચ્ચતર શ્રેણીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી ભાઇઓ તથા બ્હેનોની શિષ્ય-વૃત્તિ માટે માંગ વધી છે, તેથી સારી સંખ્યામાં વિદ્યાર્થી ભાઇઓ અને બ્હેનોને સંસ્થા સહાય-રૂપ બની શકે તેવી પરિસ્થિતિ સર્જવા પેટ્રન સાહેબો તથા આજીવન સભ્યોને અમારી નમ્ર વિનંતિ છે. આશા છે કે આ જ્ઞાન-દાન સમાન પ્રવૃત્તિને આવકારી શક્તિ મુજબ દાન આપી તેઓ પ્રવૃત્તિને વેગવાન બનાવશે.

દર વર્ષે આ સંસ્થા પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબ શ્રી વિજયાનંદસૂરીશ્વરજીની જન્મ જયંતિ ચૈત્ર સુદી ૧ના રોજ પાલીતાણા મુકામે ઉજવે છે. સાધુ-સાધ્વીની ભક્તિનો અપૂર્વ લાભ તેમજ પૂજાનો લાભ તે દિવસે સંસ્થા મેળવે છે.

ઉપરાંત આ સભાની વર્ષગાંઠ જેઠ શુદ ૮ના રોજ તળાજા તીર્થે ઉજવાય છે. ત્યાં પૂજા વગેરેનો લાભ મેળવી ધન્યતા અનુભવે છે.

ગુરુભક્તિ નિમિત્તે માગશર વદી ૬ તથા આસો સુદી ૧૦ના રોજ સંસ્થા તરફથી સારા સંગીતકારોની સુરાવલી સાથે પૂજા ભણાવવામાં આવે છે, તેમજ પ્રભાવના પણ થાય છે.

નૂતન વર્ષના પુનિત પ્રભાતે સંસ્થાના સભ્યો સ્નેહમિલનમાં હાજરી આપી પરસ્પર સ્નેહ ભાવનાની વૃદ્ધિ માટે નૂતન વર્ષાભિનંદન અર્પી, શુભેચ્છાના રસપાન પીરસી, ધન્યતા અનુભવે છે.

જે જે લેખકો કે લેખિકાઓએ પોતાને મળેલ જ્ઞાન સમૃદ્ધિનો અનેરો લાભ આ માસિક દ્વારા આપેલ છે એ સર્વને અભિનંદન અર્પતાં ધન્યતા અનુભવે છે.

છપાઈ તેમજ કાગળની અસાધારણ મોંઘવારી વચ્ચે પણ માસિકનું નાવ અસ્ખલિત પણે ચાલ્યું જાય છે, જે પરમ પૂજ્ય સ્વ. આચાર્યશ્રી વિજયાનંદસૂરિશ્વરજી મહારાજ, સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજ, પૂજ્ય શ્રી ચતુરવિજયજી મહારાજ તથા પૂ૦ આગમ પ્રભાકર શ્રુતશીલ-વારિધિ મુનિ ભગવંત પુણ્યવિજયજી મહારાજના આશીર્વાદનું ફળ છે. તેઓ સર્વેનું સ્મરણ કરી, આ મંગળદિને હૃદયપૂર્વક વંદન કરીએ છીએ.

આ પ્રસંગે તમામ પેટ્રન સાહેબો, આજીવન સભ્યો, સંસ્થાના સભ્યો અને હિતેચ્છુઓને શુભેચ્છા પાઠવીએ છીએ.

સંસ્થા પ્રગતિના સોપાન સર કરી ઉન્નતિના શિખરે પહોંચે તે માટે અવિરત પ્રયત્નો દ્વારા સાથ સહકાર આપવા નમ્ર વિજ્ઞપ્તિ કરીએ છીએ, જે નામી અનામી વ્યક્તિઓએ સંસ્થાના ઉત્કર્ષ માટે સેવા અર્પી છે તેમનો હાર્દિક આભાર માનીએ છીએ.

ગત વર્ષે સંસ્થાએ 'હું ને મારી બા' છપાવ્યું અને આજીવન સભ્યો તથા પેટ્રન સાહેબોને ભેટ રૂપે આપ્યું. સંસ્થાએ સુમતિનાથ ચરિત્ર છપાવ્યું. તેનો ઉદ્‌ઘાટન સમારંભ પણ યશ કલગી મેળવી ગયો. આ પુસ્તક પણ આજીવન સભ્યો તથા પેટ્રન સાહેબોને ભેટ રૂપે સંસ્થાએ આપ્યું.

પ૦ પૂ૦ જંબૂવિજયજી મહારાજ સાહેબની કૃપાદષ્ટિ અને તેમની શુભ પ્રેરણા, તેમજ સંસ્થા ચમકતી-તેજસ્વી બને તેવા અંતરના આશીર્વાદ વરસાવતા રહે છે. પં૦ પૂ૦ મહારાજ સાહેબ વ્રજસેન મુનિશ્રીની જહેમતથી સાકાર પામેલું ૫૦ પૂ૦ હેમચંદ્રસૂરિ રચિત પ્રાકૃતિ વ્યાકરણ તૈયાર થઇ ગયું છે. તે પુસ્તક પૂ૦ સાધુ મહારાજ સાહેબો તથા સાધ્વીજી મહારાજ સાહેબોને ભેટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપેલ છે, ૫૦ પૂ૦ વજ્રસેન મહારાજ સાહેબે આ પ્રકાશનનું કાર્ય સોંપી અમને ઉપકૃત કર્યા છે. હજુ તેમનું આવાજ પ્રકારનું વિશિષ્ઠ માહિતી સભર પુસ્તક આ સંસ્થા દ્વારા જ ટૂંક સમયમાં બહાર પડશે.

દ્વાદશાર નયચક્રમ-ભાગ ૧-૨ (સંપાદક પ. પૂ૦ જંબૂવિજયજી મહારાજ સાહેબ) સંસ્થા દ્વારા બહાર પડી ચૂકયો છે. જેમની માંગ જાપાન, અમેરિકા, ઓસ્ટ્રેલિયા વગેરેના વિદ્વાનો કરે છે, તેઓ સહુ ત્રીજા ભાગની રાહ જોઈ રહ્યાં છે તે કાર્ય પણુસ વેળા પતે તેવા પ્રયત્નો સંસ્થાએ જારી રાખ્યા છે. સંસ્થાના આ પુનિત કાર્યમાં શાસનદેવ સહાય અર્પે એવી પ્રાર્થના.

પ. પૂ૦ આચાર્ય ભગવંતો, પ. પૂ૦ મહારાજ સાહેબો. પ્રખ્યાત લેખકો—શ્રી બેચ-દાસ પંડિત, શ્રી કુમારપાળ દેસાઈ પ્રાધ્યાપક સાહેબ, શ્રીમાન રતિભાઈ માણેકચંદ તથા રમેશભાઈ ગાલા, અમરચંદભાઈ માવજી, રાયચંદભાઈ મગનલાલ શાહ આત્માનંદ પ્રકાશ માટે લેખો મોકલે છે અને ઉપકૃત કરે છે, તે બદલ તેઓ પ્રત્યે ભક્તિ-વંદન ભાવ દર્શાવીએ છીએ.

કોઈપણ સંસ્થા કાર્યવાહકોની શુભ નિષ્ઠાપર નિર્ભર રહે છે તેમાં બે મત નથી. અનેકવિધ કાર્યો હાથ ધરતાં પહેલાં અન્યનો ટેકો, સાથ-સહકાર અનિવાર્ય રીતે મેળવવો પડે છે. સદ્ભાગ્યે આ સંસ્થાને શ્રીમાન રાયચંદભાઈ મગનલાલ શાહનો સારો એવો સહકાર ને સેવા સાંપડયા છે. ગત વર્ષમાં તેમના દ્વારા પાંચ માનનીય શ્રેષ્ઠીવર્ય પેટ્રન બન્યા છે તેમની સેવાની અનુમોદનાની તક અત્રે અમે લઈએ છીએ.

જ્ઞાનની સંસ્થાએ પ્રચાર અર્થે શકય તેટલી જહેમત ઉઠાવી જ જોઈએ તેથી સંસ્થાએ સંસ્કૃત વર્ગો (S. S. C.) માટે શરૂ કર્યા હતા.

શાસનદેવની કૃપા દ્વારા આ નૂતન વર્ષ સંસ્થાને અનેરી સિદ્ધિ કરવાની તક આપે તેવી અભિલાષા.

સંસ્થા વિકાસમાં આપ સહુ શુભેચ્છકો. પેટ્રન સાહેબો, આજીવન સભ્યો સહકાર આપી કાર્યવાહકોને ઉપકૃત કરશો એવી હાર્દિક ભાવના.

૧ હીરાલાલ ભાણજીભાઈ શાહ
પ્રમુખશ્રી B. S. c.

૨ પોપટલાલ રવજીભાઈ સલોત
B. A. B. T.
ઉપ પ્રમુખશ્રી અને તંત્રીશ્રી
જૈન આત્માનંદ પ્રકાશ

---

## આત્મ કલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ શેઠ ફતેહચંદ ઝવેરભાઈ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઈ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઈબ્રેરી હોલમાં સં. ૨૦૩૮ના બીજા આસો સુદ ૧૦ બુધવારના રોજ શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી અને પ્રભાવના કરવામાં આવી હતી.

---

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કંઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઈ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, કાયસા મિચ્છામિ દુક્કડમ્



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન-નેમનાથની અનુકંપા

(રાગઃ જગને જાદવા —)

**નેમનાથ**

સારથી ! સારથી ! કરુણ પોકારશો ?
પ્રાણિઓ કેમ આક્રંદ કરતા ?
કેમ પુર્યા અહિં, પ્રાણિ નિર્દોષ આ;
વનમહીં મોજથી જેહ ચરતા. ૧

**સારથી —**

જાદવી જાનની સરભરા કાજે એ;
પ્રાણિની કત્લ કાજે પુર્યા છે;
આપના લગ્નના હર્ષ ઉલ્લાસ મહીં;
પ્રાણિઓ દુઃખથી પ્રાણુદે છેઃ ૨

**નેમનાથ**

લગ્નની મોજમાં કતલ નિર્દોષની;
ધિક ! છે મુજને લગ્ન કરવા,
ધિક ! છે ધિક ! સંસાર નો;
પુર વૈરાગ્યના અંતરવહેતા. ૩

**વનચરો—**

વિનવતા હોય જાણે, વદન દીન કરી,
નેમ ! રક્ષા કરોને અમારી,
દૃષ્ટિ ટગમગ કરી મૃગ જોઈ રહ્યા;
છુટવા પાંજરે ડોક તાણી — ૪

**અભૃયદાન—**

રથ થકી ઉતરી, બારણા ખોલીને;
પ્રાણિ છુટા કર્યા પાંજરેથી;
બીકથી ઝુરતા, પણ હવે કુદતા;
પ્રાણિયો ભાગતા હર્ષે એથી— ૫

**નેમનાથ—**

રથ હવે ફેરવો, ગિરનારે ચલો;
ચિત્ત વૈરાગ્ય રંગે રંગાયુ;
સેંકડો જીવને અભયદાન મળ્યું
લગ્ન નિમિત્ત તેથી છે ફળીયું— ૬

**સારથી—**

નેમજી ! શું કહો ? લગ્ન છે આજના;
આપની રાહ રાજુલ જુએ;
એમ નહિ જઈ શકો, લગ્ન ખંડિત કરી;
જાદવી જાનની લાજ જાયે— ૭

**નેમનાથ—**

હાંક તું સારથી ! રથ ગિરનાર ભણી;
મુક્તિ રમણી તણો કર ગ્રહીશું;
ક્રુર નિષ્ઠુર આ જગતમાં કેમ રહું ?
તેથી રાજુલનો સંગ તજશું. ૮

**રાજુલ—**

સાંભળ્યું રાજુલે, નેમ નાસી ગયા;
કરૂણ આક્રંદથી ભવન ગજવે;
કયાં ગયા ? કયાં ગયા ? એમ પોકારતી;
નવભવ પ્રેમના તાર જગવે— ૯

**નેમનાથ—**

સહસાવનમાં જઈ, દિક્ષા સ્વયંલઇ;
જ્ઞાન કેવળ તણી જયોત જગવે;
વિશ્વ પ્રેમ થકી, જીવન પૂર્ણ કરી;
નેમજી મુક્તિપૂરી સિધાવે— ૧૦

**રાજુલ—**

નેમને શોધતી ડુંગરે ડુંગરે;
નેમના પ્રેમને પ્રાપ્ત કરવા;
તેમનો પંથ હવે, થાય રાજુલ તણો;
ત્યાંજ દિક્ષા લઈ 'અમર' બનવા— ૧૧

**રચયિતા-અમરચંદ-માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મા

## લે. પ. પૂ. આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી

કેટલાક મનુષ્યો ઇન્દ્રિયોને આત્મા માને છે પણ જે બાહ્ય ઇન્દ્રિયો છે તે આત્મા નથી. જ્યારે આત્મા **શરીરમાંથી** ચાલ્યો જાય છે ત્યારે આત્માનો જ્ઞાનાદિ ક્ષયોપશમ પણ આત્માની સાથે જાય છે. તેથી બાહ્ય ઇન્દ્રિયો જે ફક્ત આકારવાળા છે તે કંઈપણ કરી શકતી નથી.

**મન પણ આત્મા નથી.** મનથી ભિન્ન આત્મા છે. મનના બે પ્રકાર છે-એક દ્રવ્યમન અને બીજું ભાવ મન, દ્રવ્યમન પુદ્ગલમય છે—અર્થાત મનોવર્ગણાને દ્રવ્યમન કહે છે. ભાવમન છે તે વિચાર-રૂપ છે. તે આત્માનો ક્ષાયોપશમિક જ્ઞાનગુણ છે. તેથી ભાવમન છે તે આત્માના ગુણરૂપ સિદ્ધ થાય છે. મનો વર્ગણામાં અનંત પરમાણુઓ ભર્યા છે. કેટલાક પરમાણુઓ ખરે છે. કેટલાક નવા પરમાણુઓ આવે છે. દ્રવ્ય મન જડ હોવાથી કશું સમજી શકતું નથી. માટે દ્રવ્ય તે આત્મા નથી. દ્રવ્યમનમાં પરમાણુઓનો જથ્થો હોય છે. ભાવમન જ્ઞાનરૂપ હોવાથી તેમાં પરમાણુનો જથ્થો નથી.

મનો વર્ગણાની શુભા શુભતાનો આધાર શુભાશુભ વિચાર ઉપર છે. જે લોકો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પ્રવૃત્તિ કરે છે. તેઓની મનોવર્ગણા ખરાબ હોય છે.

નૈયાયિક અને વેદાન્તદર્શન પણ કેટલેક અંશે મનથી ભિન્ન આત્મા કહે છે.

**તે પ્રમાણે વાણી પણ આત્મા** નથી તેમજ જડપણાથી રુધિર પણ આત્મા નથી શબ્દ પુદ્ગલ પરમાણુએનો બનેલો છે.

શબ્દ અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, તાપ વર્ણ, ગંધ, રસને સ્પર્શ—એ સર્વ પુદ્ગલના લક્ષણો છે, અનંતા અનંત પરમાણુઓની શબ્દવર્ગણા બનેલી છે. તેથી તે જડ છે. જડ હોવાથી તે ચેતન નથી.

### આત્મા કયાં રહે છે ?

અસંખ્ય પ્રદેશો વડે આત્મવ્યક્તિ કહેવાય છે. કર્મના યોગે દેહ વ્યાપી ચાર ગતિમાં છે. જ્યારે કેવલ જ્ઞાન થાય છે ત્યારે કેવલજ્ઞાન ભાવ વડે સર્વ વ્યાપક ઇચ્છાય છે.

આત્માના **અસંખ્યાત પ્રદેશ** છે. તે **અરૂપી** છે. કર્મના યોગે આત્મા દેહમાં વ્યાપીને રહે છે. કુંથુઆના શરીરમાં તેમજ હસ્તિના ભવમાં હસ્તિ જેવડા શરીરમાં અસંખ્ય પ્રદેશો વડે વ્યાપીને રહે છે, દેવગતિ મનુષ્યગતિ, તિર્યંચગતિ, નરકગતિમાં જ્યાં સુધી આત્મા રહે છે ત્યાં સુધી અસંખ્યાત પ્રદેશો વડે દેહ વ્યાપી છે. જ્યારે કેવલજ્ઞાન થાય છે ત્યારે આત્મામાં લોકાલોક સર્વનો ભાસ થાય છે માટે સર્વ વ્યાપક આત્મા, જ્ઞાનની અપેક્ષા એ છે. આત્મા વ્યક્તિથી શરીરને વ્યાપી રહે છે, માટે વ્યાપ્ય કહેવાય છે. જ્ઞાનમાં સર્વ ભાસે છે. તેની અપેક્ષાએ વ્યાપક કહેવાય છે.

આત્મારૂપ ઈશ્વરે આ શરીરરૂપ જગત બનાવ્યું છે. માટે આત્મા તે **બ્રહ્મ** કહેવાય છે.

× × ×

આત્મારૂપ ઇશ્વર આ દેહરૂપ શરીરનું પ્રતિપાલન કરે છે માટે તે વિષ્ણુ કહેવાય છે,

આત્મારૂપ ઇશ્વર આ દેહરૂપ જગતની આયુષ્યની મર્યાદાએ સંહાર કરે છે, માટે તે મહાદેવ ગણાય છે.

આમ અપેક્ષાએ બ્રહ્મ, વિષ્ણુ અને મહેશ્વરપણું પણ આત્મામાં ઘટે છે.

આત્મારૂપ ઇશ્વરજ આ દેહરૂપ સૃષ્ટિનો ઉત્પન્ન કર્તા છે, તેમાં રહી સુખ દુઃખ ભોગવે છે. આત્મારૂપ ઇશ્વર આ શરીરમાં રહી વૃત્તિયોરૂપ ગોપિકાઓની સાથે અનેક પ્રકારની શાતા અને અશાતા યોગ ક્રીડા કરે છે. માટે તે કૃષ્ણ કહેવાય છે. આત્મારૂપ ઈશ્વરની અનંત શક્તિ છે. માટે તે અનંત શક્તિમાન કહેવાય છે. આત્મરૂપ ઈશ્વર ઇન્દ્રિયોને જીતી જ્યારે કેવલજ્ઞાન પામે છે ત્યારે તે સિદ્ધ બુદ્ધ કહેવાય છે આત્મારૂપ ઇશ્વર કર્મના યોગે જે જે ગતિમાં અવતાર લે છે ત્યા તે તેવો કહેવાય છે. આત્મારૂપ ઇશ્વર જ્યારે સર્વ કર્મનો ક્ષય કરે છે ત્યારે તે ફરીથી અવતાર લેતો નથી. જ્યાં સુધી કર્મ સંબંધ યુક્ત છે. ત્યાં સુધી આત્મારૂપ ઈશ્વર અવતાર ધારણ કરે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જો દિયા વહી મેરા —ધર્મ મિત્ર

ઇંદોર નિવાસી શેઠ હુકમીચંદજી જૈન અપાર સંપત્તિના માલિક હતા. તેઓ 'કોટન કીંગ' કહેવાતા.

એકવાર કોઇ બીમારીથી પથારીમાં પડ્યા હતા અંતિમ વખતની અપેક્ષા થવા લાગી. આ સમયે તેમના કોઇ મિત્ર મળવા આવ્યા. વાત વાતમાં તેમણે પૂછ્યું, "આપની પાસે કરોડો રૂા. ની મિલ્કત હશે. તેનું વિલ કર્યું કે નહિ ?" શેઠે કહ્યું, "મારી પાસે ફક્ત ૧૧ લાખ રૂા. છે" મિત્રે કહ્યું, "આપ કેવી વાત કરો છો ? આ શિશમહેલમાં આપ રહો છો તેજ લાખો રૂા. નો હશે કરોડો રૂા. નો હિસાબ આપ લાખોમાં કેમ ગણાવો છો ?"

શેઠે કહ્યું, "ભાઇ મેં આજ સુધી જેટલા રૂપિયા પરોપકારમાં ખર્ચ્યા છે તેજ મારા છે કેમકે તે પરલોકમાં જમા થઈ ગયા છે. બાકીની સંપત્તિ અહિંજ રહેવાની છે. તેને હું મારી સંપત્તિ કઇ રીતે કહી શકું ? જેટલો લક્ષ્મીનો સદ્ઉપયોગ કર્યો છે તેજ મારી છે. બાકી નહિં."

## નસીબ આડે પાંદડુ

ગુજરાતની સુપ્રસિદ્ધ નગરી કર્ણાવતી. આજીવિકાના આશાના સહારે પુનિત પગલાં પડ્યાં શહેરમાં. ગરીબાઇનો બોજો હતો શિરપર પણ હૈયે વસ્યો હતો ધર્મ શ્રી જિનેશ્વરના દર્શન કર્યા પછી પ્રાંગણમાં રહેલ બાંકડા ઉપર બેઠો. વિચારધારા વમળો લેતી હતી. શું કરવું ? કયાં જવું ? આશરો મળશે ખરો ? ધર્મમાં શ્રદ્ધા અનેરી હોવાથી દુઃખમાં પણ હૈયાવરાળ ન હતી.

કર્મવિપાક કરવટ બદલવાની તૈયારી કરતો હતો. તેથીજ એક શ્રાવિકા બહેન ત્યાંથી પસાર થયા. જોયા તેમણે વિચારગ્રસ્ત વણિકને. વિચાર્યું કે જરૂર આફતમાં સપડાયેલ કોઇ સ્વામીબંધુ છે. પાસે આવી પૂછ્યું, "ભાઈ ! આપ કોણ છો ? આપનું નામ શું છે "

વણિકે કહ્યું "બહેન ! મારૂં નામ ઉદો મારવાડનો વતની છું ધર્મે જૈન છું અહીં આજીવિકાના હેતુથી આવ્યો છું અહીં નથી કોઇ ઓળખાણ કે નથી કોઇ સગાસંબંધી કયાં જવું તેની ગડમથલમાં છું !

સાંભળતાંજ લાછીબેનનું પરોપકારી હૈયું બોલી ઉઠયું, ભાઈ ! શા માટે ચિંતા કરો છો ? મારે ત્યાં ચાલો શું બહેનને ઘેર આવવામાં ભાઇને સંકોચ થાય ખરો ? ઉદાએ કહ્યું, "બહેન ! હું એકલો નથી. બાળ બચ્ચાં સાથે છે તેઓ પાદર બેઠા છે હું આજીવિકાની શોધમાં અહિં આવ્યો છું."

લાછી બહેને કહ્યું, ભાઈ ! જરાય ચિંતા નહીં. મારા ઘરની પાસેજ એક મકાન ખાલી છે. તમે કુટુંબ સાથે ત્યાં રહો ધીમે ધીમે વ્યવસ્થા થઈ રહેશે. ભાભી ભત્રીજાઓ અને ભત્રીજીઓ સાથે હોય તેનાથી વધુ રૂડું શું !

હૃદય–ભાવનાના ચમત્કાર અને આકર્ષણ અનેરાં છે ઉદાની ચિંતા શમી ગઈ જાણે કે સામે કોઇ કલ્પતરૂજ ન હોય ! પરિસ્થિતિ પલટાતી લાગી. તેમજ લાછીબેનની ઉદારતા નિહાળી, હર્ષાશ્રુ ટપકી પડયાં.

લાછીબેનના સ્નેહભર્યા આમંત્રણથી કુટુંબ સાથે અલગ મકાનમાં વાસ કર્યો પ્રમાણિકતાથી ઘીનો વેપાર શરૂ કર્યો સખત મહેનત અને નિષ્ઠાથી વેપાર વધ્યો. બે પૈસા થતાં, જુનું મકાન લાછીબેનની પરવાનગી લઇ નવું બનાવવું શરૂ કર્યું. મકાનનો પાયો ખોદતા સુવર્ણ મુદ્રા ભરેલ ચરૂ મળ્યા. તરતજ લાછીબેનને બોલાવી લાવ્યો અને ચરૂ સમર્પણ કર્યા.

લાછી બહેન નિઃસ્પૃહી હતા. તેમણે કહ્યું; "ભાઇ ! આ મકાન મેં તમને આપી દીધું છે તેમાંથી નીકળેલ ધન પર મારો અધિકાર રહેતો નથી. આ તો તમારા નશીબનું છે માટે તમેજ રાખો "

ઉદાએ ખૂબ આગ્રહ કર્યો પણ લાછીબેન એકના બે થયા નહિ

પોતાની કુશાગ્ર બુદ્ધિ, સખત શ્રમ, પ્રમાણિકતા દ્વારા ઉદાની પ્રતિષ્ઠા વધતી ચાલી નાની શી સહાય્ય અને હાર્દિક સહાનુભુતિ કેવો ચમત્કાર સર્જે છે ? ઉદાની બુદ્ધિ ચમકવા લાગી ઠેર ઠેર પ્રશંસા થવા લાગી તે વખતના ગુજરાતના રાજવી સિદ્ધરાજ જયસિંહને કાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાશ્વત આત્મ જ્યોતિ

## શ્રી અર્હદ્ ગીતા

શ્રી ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું, "હે ભગવાન્ ! અનાદિ સિદ્ધ અરિહંત પદની ધારક આત્મજ્યોતિને કેવી રીતે પ્રકટ કરી શકાય ?"

પૂ૦ ભગવાને ધીર ગંભીર વાણીમાં જવાબ આપ્યો, કે આત્માનું લક્ષણ જ્ઞાન છે. આ જ્ઞાનના જોર પર આત્મા મોહરૂપી અજ્ઞાન–અંધકારથી મુક્ત બને છે આ જ્ઞાન આત્મજ્યોતિનું પ્રકાશક છે–તેને કેવળ જ્ઞાન કહે છે જ્ઞાન–અભ્યાસમાં સદગુરુઓના ઉપદેશનું શ્રવણ અને મનન ખૂબ સહાય્યરૂપ છે.

સર્વપ્રથમ દુનિયામાં લોકો પોતાના બાળકોને વિદ્યાભ્યાસ કરાવે છે વિદ્યાના બળપરજ સંસારમાં હેય અને ઉપાદેય સ્વરૂપા વિવેકી દષ્ટિ ઉદ્ભવે છે. શાસ્ત્રપાઠી નહિ પણ મોહથી મુક્ત બનેલ જ્ઞાની છે અન્ય ધુર્ત છે આ દુર્લભ માનવ જીવનમાં સદ્જ્ઞાનનું મહત્ત્વ ખૂબ છે આ સદ્જ્ઞાનમાં સર્વોત્તમ છે કેવળજ્ઞાન આ કેવળજ્ઞાનથી આત્મા સર્વજ્ઞ તેમજ સમ્યક્દષ્ટિ હોય છે આને આત્મ-જ્યોતિનો પ્રકાશ કહે છે.

## મનોજયનો ઉપાય

શ્રી ગૌતમ સ્વામીએ વીર ભગવાનને પૂછ્યું કે આયુર્વેદ શાસ્ત્રમાં ઈંગલા પિંગલા-આદિ નડિયોથી તથા જ્યોતિષ શાસ્ત્રમાં દશ નાડિયોથી ભૂત, ભાવીને જાણી શકાય છે તો મનથી પણ ભૂત–ભાવીને કેવી રીતે જાણી શકાય ?

ભગવાને ઉત્તર આપ્યો નાભિ મંડળમાં સ્થિત નાડિયોના સમૂહ મનઃચક્રને સંચાલિત કરતા હોય છે પ્રાણાયામ અને ધ્યાનથી તથા આત્મભાવનાથી મનને બ્રહ્મદ્વારમાં લીન કરવામાં આવે છે શરીરમાં જ્યારે વાતોદ્રેક હોય છે ત્યારે ચિત્તમાં મલીનતા અને ભયની વ્યાપ્તિ હોય છે પિત્તોદયથી શરીરમાં સંચલતા ઉત્પન્ન થાય છે અને સાહસદિ ભાવ ઉદ્ભવે છે. અષ્ટકર્મ આવરણોથી શરીરમાં વાત, પિત્ત આદિ વ્યાધિઓ ઉદ્ભવે છે. તેથી અભ્યાસપૂર્વક મનોભાવોને જાણીને તેના ઉપાયોથી મનને વશ કરવું જોઇએ ઊર્ધ્વગતિ મનમાં પરમાત્મા સાક્ષાત્ હોય છે. મનની શુદ્ધિ અને વશીકરણ માટે સમસ્ત ઉપાય જ્ઞાન ક્રિયા યુક્ત હોય છે. મન સહ જ્ઞાનથી સમ્બદ્ધ છે જે લોકાલોકનું પ્રકાશક છે જ્ઞાન જ મોક્ષનું પ્રથમ કારણ છે કષ્ટ સાધ્ય ક્રિયા કરવા છતાં, જ્ઞાન વિના મોક્ષ નથીજ આ જ્ઞાન મનની શુદ્ધિ અથવા બુદ્ધિની શુદ્ધિ માટે હોય છે જેથી અનિત્યાદિ બાર ભાવનાઓ દ્વારા મનને નિર્મળ કરવું જોઇએ

## ધર્મ બીજ

શ્રી ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીવીર ભગવાને કહ્યું, "જ્ઞાનિયોની તત્વ વદ્યા પૂજા, અધ્યયન અને ધનાદિ બાહ્ય સાધનોથી વિકસિત થાય છે કેમકે તે ધર્મના સાધનો છે. ગુરુ જંગમ તીર્થ છે તેમની સેવા અને સ્થાવર તીર્થોના ઉપાસનાથી મનમાં નિર્મલતા આવે છે શાસ્ત્રોના અધ્યયનથી સ્વાધ્યાય થાય છે. તેમજ તેનાથી ત્યાજ્ય અને ગ્રાહ્ય ધર્મોનું જ્ઞાન થાય છે. આ વિવેક જ કૈવલ્ય સંપદા છે. આ મોક્ષ સાધનામાં દાન શીલ, તપ અને ભાવનુ મહત્ત્વ મોટું છે ધનથી દાનાવરણીય કર્મનો નાશ થાય છે. તેથી સંસારમાં વૈભવ તથા પરલોકમાં અનંત જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શીલચારિત્રથી આ સંસારમાં રૂપ, બલ તથા પરલોકમાં અનંત વીર્યતા મળે છે તપથી શરીર નીરોગી રહે છે અને શરીર ત્યાગ બાદ મોક્ષ પ્રાપ્તિ થાય છે ભાવ તો સંસારમાં સર્વોચ્ચ છે તે વિવેકના રૂપમાં સંસારમાં પ્રતિષ્ઠિત છે તેથી આશ્રવ સંવર બને છે અને સંવર આશ્રવ બને છે.

---

આ વાત આવી તેમણે ઉદાને માનભર બોલાવી મહામંત્રી પદે નિયુક્ત કર્યા. ઉદયન મંત્રીએ જૈનધર્મ, જૈન શાસનનો ગૌરવશાળી ધ્વજ ફરકતો કર્યો સાથે સાથે પ્રજાને સુખ, શાંતિ અને સંતોષ પણ આપ્યા.

'કલાધર'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરસ્પર કડીઓ જોડતાં શીખીએ

પં. પૂ. મુનિ શ્રી ચંદ્રશેખરવિજયજી મ.

મુંબઈની ઝવેરી બજારમાં બનેલી સત્ય ઘટના છે. નામમાં પરિવર્તન છે.

ચુનીલાલ અને ભાયચંદ એ બે ઝવેરી બન્ને વચ્ચે ઝવેરાતનું કામકાજ થયા કરે.

એક દિવસ ચુનીભાઇએ ભાયચંદ પાસેથી નંગ ખરીદ્યા. એ નંગ ભાઇચંદભાઇએ ડબ્બીમાં મૂકીને આપ્યાં એજ ડબ્બીમાં કાગળની પટ્ટી નીચે બીજા ચાર નંગ પણ હતા. પરંતુ ભાઇચંદભાઇ તે ભૂલી ગયેલ ચુનીભાઇ ઘેર ગયા. રાત્રે ડબ્બી ખોલી નંગ જોવા માંડ્યા ત્યાં કાગળની પટ્ટી નીચે કંઇક હોય તેમ જણાયું. તપાસતાં ચાર મૂલ્યવાન નંગ દેખાયા. જોતાં જ ચુનીલાલની દાનત બગડી આ મૂલ્યવાન નંગો પચાવી પાડવાનો મનોમન નિર્ણય કર્યો.

એકાદ માસ બાદ, ભાઈચંદભાઇને યાદ આવ્યું કે કાગળની પટ્ટી નીચે ચાર નંગ મૂકેલા તે કાઢી લેવા રહી ગયા છે. આ અંગે ચુનિલાલ અત્યાર સુધી કશું બોલ્યો નથી. તેથી ભાઇચંદભાઇને ફાળ પડી તુરતજ ચુનીલાલને ત્યાં ગયા.

તેમણે કહ્યું "ચુનીભાઇ! ડબીમાં પટ્ટી નીચે ચાર નંગ હતા તે હું ભૂલી ગયો હતો તે પાછા આપો" ચુનીલાલે ડોળ કરતા કહ્યું, "તેમાં તો એ જ નંગ હતા બીજા નંગ જોવા મળ્યા નથી. છતાં તપાસ કરીએ."

ચુનીભાઇ પેટી લાવ્યા પટ્ટી નીચે કશુંજ ન હતું કેમકે તેમણે ચાર નંગ પહેલેજ દિવસે કાઢી લીધેલા ચુનીભાઇએ પડયા પર પાટું મારતા કહ્યું "ભાઇ! આ તે ગળે પડ્યા જેવી વાત છે તમે ઘરમાં જુઓ આડા અવળા મૂકાઈ ગયા હશે."

ભાઇચંદભાઇને આ સાંભળી ચોંટ લાગી પણ હવે શું થાય?

આ ચાર નંગ એક મુસલમાન વેપારીના હતા. તેથી તેમની પાસે ગયા સર્વ બીના કહી "આમાં ભૂલ મારી છે નંગ પાછા મળે તેવું લાગતું નથી. આપ કિંમતે કહો એટલે પૈસા ચુકવી આપું." મુસ્લિમ ઝવેરીએ કહ્યું, "કાકા! અમારે પૈસા જોઇતા નથી નંગ જ પાછા આપો."

ભાઇચંદભાઇએ કહ્યું "ભાઇ નંગ મળે તેમ હોત તો તમને પાછા આપી દેત. પરંતુ ચુનીભાઈ નનૈયોજ ભણે છે કહો કેવી રીતે નંગ પાછા આપુ?

કિંમતે જેટલી કહો તેટલી ચૂકવી આપું" આમ રકઝક ચાલતી હતી ત્યારે મુસ્લિમ વેપારીના પિતા અલીહુસેને તસબી ફેરવીને સાંભળી, તેઓ પુત્ર પાસે આવ્યા અને પૂછયું, "બેટા! શી વાત છે? ભાઇચંદ શેઠને આપણા ઘેર કેમ આવવું પડયું.?"

ભાઇચંદભાઇએ તમામ વાત કરી અલીહુસેનને તેમની પ્રમાણિકતા માટે માન હતું તેથી કહ્યું "શેઠ! તમે કદી ખોટું બોલો નહિ મને તે વાતની શ્રદ્ધા છે તમે ચુનીભાઇને અહીં લાવો. હું સમજાવી જોઉં; બીજે દિવસે અલીહુસેનને ત્યાં ભાઇચંદભાઈ ચુનિલાલને તેડી લાવ્યા.

અલીહુસેને કહ્યું, "આપણે ઇમાનદાર ઝવેરીઓ છીએ આપણી વચ્ચે આવી વાત ઉભી થાય તેમાં શોભા નહિ માટે ખરીવાત હોય તે કહી દો"

ચુનીભાઇએ કહ્યું, "ચાચા ડબ્બીમાં મારા ખરીદેલ નંગજ હતા બીજા કોઇ ન હતા મારા દીકરાના કસમ ખાઇને આ વાત કરૂં છું માનો યા ન માનો-તમારી ઇચ્છા."

અલીહુસેને કહ્યું, "ચુનીલાલ આ તૂં શું બોલી ગયો? નાની વાતમાં તે પુત્રના સોગંદ ખાધા યા અલ્લા! યા ખૂદા! યા બિસ્મિલ્લા!

અલીહુસેને ભાઇચંદ ભાઇને કહ્યું, "શેઠ! તમે જે દિવસે નંગ મળ્યા હતા તે દિવસના ભાવે રકમ

[અનુસંધાન પાના ૧૧ ઉપર]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરસ્વામીનું સ્તવન

(રાગ : ધન્યાસરી)

વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માંગુ રે,
મિથ્યા મોહ તિમિર જાય લાગ્યું, જિત નગારૂં વાગ્યુરે. વીર....૧

છઉમથ્થ 'વીરજ' લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગેરે;
સૂક્ષ્મ થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગેરે વીર....૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખો, યોગ અસંખિત કંખેરે;
પુદ્ગલ ગણુ તેણે લેશું વિશેષે, યથાશક્તિ મતિ લેખેરે વીર....૩

ઉત્કૃષ્ટે વીરજને વેસે, યોગ ક્રિયા નવિ પેસેરે;
યોગતણી ધ્રુવતાને લેશે, આતમ શક્તિ ન ખેસેરે વીર....૪

કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે:
સૂરપણે આતમ ઉપયોગી, થાય તે અયોગી રે વીર....૫

વીર પણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવ પદ પહિચાણે રે વીર....૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણિતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદ ઘન પ્રભુ જાગેરે વીર....૭

(રચઈતા આનંદઘનજી મહારાજ)

**પરમાર્થ :-** (૧) શ્રી મહાવીર સ્વામી ભગવાનના ચરણોમાં હું પગે લાગું છું અને તેમના જેવું વીરપણું શુરવીર ભાવ, હું તેમની પાસેથી માંગી લઉં છું. તેમનું વીરપણું કેવું છે ? કે જેના આગળ મિથ્યાત્વ મોહનીયરૂપ, અંધકારનો ભય દુર નાઠો છે. અને જયનું નગારૂં વાગી રહ્યું છે.

**(૨) છઠાસ્થ** અવસ્થાની ક્ષાયોપશમિક વીર્યવાળી લેશ્યા આત્મપરિણામની એકદશા, તેના યોગ કરીને અને અભિસંધિજ-યોગ આદરવાની પોતાની મેળે થયેલ ઈચ્છાથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ તેની છાયાને લીધે તથા આત્મિક અને વ્યવહારિક ક્રિયા કરવાના ઉત્સાહે કરીને વીર ભગવાન યોગી બન્યા, ઉમંગે ધરી નહીં કે પરાણે

(૩) આત્માના અસંખ્યાત પ્રદેશ છે. તેથી તે તે પ્રદેશનું વીર્ય એકઠું લેતા થકાં અસંખ્ય કળ્યામાં નહીં આવે એટલું આત્મબળ છે, તેથીજ આત્મા અસંખ્ય યોગ-મન-વચન-કાયાના વ્યાપાર તેને અભિલેપે છે, કરવા સમર્થ થાય છે અને પુદ્ગલની વિવિધ વર્ગણાઓને, તે કારણે લેશ્યા વિશેષ કરીને જુદી જુદી લેશ્યાઓથી શક્તિ પ્રમાણે બુદ્ધિ એક પછી એક ગ્રહણ કરીને માપતી રહે છે.

(૪) ઉત્કૃષ્ટ વીર્યના આવેશમાં જ્યારે સૌથી વધારે વિર્યોલ્લાસ થાય છે ત્યારે મન-વચન-કાયારૂપ યોગનો વ્યાપાર પ્રવેશજ ન કરે, થાયજ નહિ, કારણ કે એ વખતે યોગની અચલપણાને લવલેશમાત્ર પણ આત્મબળને ડગાવતો નથી, યોગ સ્થિર થઈ રહે છે જેમ જેમ આતમમાં ઉત્કૃષ્ટ વીર્ય પ્રગટ થાય તેમ તેમ કર્મબંધ કમતી થાય; અને છેવટે સંપૂર્ણ વીર્યપણું પ્રગટ થતાં વીર ભગવાનની પેઠે સમસ્ત કર્મબંધનો નાશ થાય અને શુદ્ધ ચૈતન્યપણું પ્રાપ્ત થાય તેવું છે. માટે હે ભગવાન ! મને વીરપણું આપો ! ......

(૫) સ્ત્રી સંગની ઈચ્છા થતાં, વીર્યબળે કરીને જે રીતે ભોગકર્તા થાય છે. તે રીતે આત્મા પોતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વીર્યોલ્લાસથી સ્વગુણોનો ભોગી બને છે. પણ જ્યારે આત્મામાં શુરાપણું અથવા વીરપણું પ્રગટ થાય છે, ત્યારે કર્મોનો ક્ષય થતાં તે પોતાનું સ્વરૂપ જાણે છે. તેથી પરવસ્તુ પરથી તેને અભાવ થાય છે, આત્મા પોતામાં રમણ કરે છે. મન-વચન અને કાયાના યોગને સ્થિર કરી નવાં કર્મો બાંધતો નથી અને છેવટે અયોગી પણ થાય છે. તેથી વીર્યપણું પ્રાપ્ત થતાં આત્માનું કાર્ય થવાનું જાણી ભગવાન પાસે વીરપણું માગ્યું છે.

(૬) શૂરવીરપણું તે આત્મ ગુણ સ્થાનમાં ચઢતા, પૂરેપૂરૂં હોવું જોઈએ એમ હું જાણી શકયો છું શા વડે કરીને ? તો કે તમારી વાણી વડે કરીને, તમારા આગમ વડે કરીને તથા મારી શક્તિના પ્રમાણે ધ્યાન વિજ્ઞાન કરીને પોતાના શાંતિરૂપ અચલપદ પિછાણ્યાથી. ભગવાન પાસે વીરપણું માગતા વિચાર કરતાં ભગવાને કરેલા ઉપદેશનું સ્મરણ થયું; તેથી પોતે જ ખુશી થઈ કહે છે કે હે પ્રભુ ! મારી જે ભૂલ છે તે મને જણાઈ અત્યાર સુધી મેં આપને વિનંતિ કરી કે મને વીરપણું આપો, પણ મારી માગણી પહેલાં આપે કહેલું કે, તમામ આત્મા મારા જેવા છે. એટલે જે વીરપણું હું આપની પાસે માંગું છું, તે વીરપણું મારામાં છે. ત્યારે પ્રશ્ન થાય કે, જ્યારે વીરપણું તમારામાં છે, તો તમે કેમ નોતા જાણતા ? અને ભગવાને કહ્યું છે તે સિવાય વીરપણું પોતાના આત્મામાં છે, તે જાણવાનું બીજું સાધન છે કે કેમ ? તેનો ઉત્તર કહે છે કે, ધ્યાન કરવાથી વીરપણું પોતામાં છે, તેનો પ્રત્યક્ષ અનુભવ થઈ શકે, તેમજ ગુરુ પરંપરાથી વિશેષ જ્ઞાન પ્રાપ્ત થયું હોય તેને પણ અનુભવ થઈ શકે છે.

(૭) સંપૂર્ણ વીર્યોલ્લાસથી શૂરવીર થઇને, જે પુરૂષ અસમર્થ દશામાં લીધેલા આલંબનોને અને સઘળાં ઉપકરણોને ત્યાગે છે, તેનાથી આત્માથી પર જે પુદ્ગલાદિનો સ્વભાવ તે દૂર જાય છે. વળી તે મહાત્મા પુરૂષ કદાપિ પણ ક્ષય ન પામે એવાં શાશ્વતાં જ્ઞાન-દર્શન અને ચારિત્ર કરીને, આનંદથી ભરપૂર પરમાત્મ રૂપ થઇને હંમેશાં જ્ઞાનથી જાગતો રહે છે. અથવા આનંદઘનજી મહારાજ કહે છે કે, પ્રભુ એટલે આત્મા, તે જાગે એટલે અનાદિની ઉંઘમાંથી આત્મા જાગ્રત થાય અને વિભાવ દશાને ત્યાગી પોતે પરમાનંદ રૂપ થાય.

સંપાદક : **રતિલાલ માણેકચંદ શાહ**
(ચિત્રભાનુ) નડીઆદ.

---

[ પાના ૯ નું ચાલુ ]

ચૂકવી દો, આમાં તમારો કોઈ કસૂર નથી વધ્યા ભાવે પૈસા ન લેવાય મે દીકરાઓને સમજાવ્યા છે "

ચુનીલાલને થયું કે હવે વાત પતી ગઇ. ચાર નંગ પચી ગયા તે હરખાતો હરખાતો ઘેર ગયો. પણ તેજ રાત્રે ચુનીલાલના એકના એક દીકરાને ૧૦૪ ડીગ્રી તાવ ચડયો. રાતમાંજ તેનું પ્રાણપંખેરૂં ઉડી ગયું તેનું હજી એક મહિના પહેલાંજ લગ્ન થયું હતું ચાર હીરાના *નંગ પચાવવા જતાં, સાત ખોટનો પુત્ર ગુમાવ્યો.* સવારે તેની સ્મશાનયાત્રા નીકળી કુમળી કળી જેવી પુત્રવધુ રંડાઈ.

બીજેજ દિવસે ચુનીલાલ ભાઇચંદભાઇને ત્યાં ગયા પોક મૂકતાની સાથે કહ્યું, " ભાઈ ! આ ચાર નંગ પાછા લઈ લો મને કુબુદ્ધિ સુઝી મેં મારો એકનો એક પુત્ર ગુમાવ્યો. આ નંગ વધુ વખત મારા ઘરમાં રહેશે તો મારૂ ધનોતપનોત નીકળી જશે. વધુ સજા ભોગવવાની મારામાં તાકાત નથી. "

ભાઇચંદભાઇએ તે નંગ ઘરમાં મૂકયા જ નહીં. સીધા ગયા મુસ્લિમ વેપારીને ત્યાં નંગ સુપ્રત કર્યા.

આ કિસ્સો કહે છે કે કોઈ ઉગ્ર પાપ થઈ ગયું હોય તો તેનું ફળ આ ભવમાંજ મળે છે. તેનું પાપ તેને જ ખાઇ જાય છે.

ઉગ્ર પાપોના ફળ આ જીવનમાંજ મળે છે ત્યારે પણ ઘણા જીવો તેની કડીઓ જોડી શક્તા નથી " મારા ઉગ્ર પાપના પરિણામે આ દુઃખ મને મળ્યુ છે " આ રીતે માનવી પરસ્પર કડીઓ જોડતા. શીખે તો ભવિષ્યમાં નવા પાપો કરતા અટકી જાય.

*વાળો— એ શું છે તે જાણો છો ? ગમે તેવા કૂવાના પાણી પીવાથી 'વાળો' શરીરમાં દાખલ થાય છે.* પછી શરીરના ગમે તે ભાગમાંથી બહાર નીકળે છે. કયા ભાગમાંથી બહાર નીકળશે તે કહી શકાતુ નથી.

પ.પ-પણ 'વાળા' જેવા છે જાણે અજાણે કરેલ ગંભીર પાપ ગમે ત્યારે, ગમે તે સ્વરૂપે જીવનમાં ફુટી નીકળે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તેરા સો એક

લે. પૂ. આ. શ્રી વિદ્યાસાગરજી

વ્યાખ્યાનનો અમૂલ્ય અવસર. 'સર્વ મંગલ' પહેલાનો સમય. અનેરા આદેશની અનેરી ઉછામણી શ્રોતાજનોના હૈયા પુલકિત હતા. ઉછામણી બોલનારનો અવાજ ઉલ્લાસભર્યો હતો. ઉછામણીમાં આદેશ મેળવવા શ્રોતાજનો થનગનાટ અનુભવતા હતા. 'બોલી' વધતી ચાલી. નાણું મળશે પણ ટાણું નહિ મળે. ઉછામણી બોલનાર ઉત્સાહ પ્રેરી રહ્યો હતો. બોલીનો સંખ્યાંક **તેરા સો એક** — ૧૩૦૧ સુધી પહોંચ્યો. બોલનારે '**તેરા સો એક** 'દોહરાવ્યું''

મારા મનમાં વિચાર – વિદ્યુત ચમકી કેવું અણમોલ સત્ય ! વિચારોની પરંપરા સર્જાઇ કુન્દ કુન્દ સ્વામીના શબ્દો આંતરચક્ષુ સમક્ષ ઉપસ્થિત થયા.

હે આત્મન્ ! જે તારૂં છે તે એકજ છે જ્ઞાનદર્શન લક્ષણવાળો એક આત્મા તારો છે પર પદાર્થના સંયોગથી ઉત્પન્ન થતાં કામ, ક્રોધ વગેરે વિકાસ ભાવો છે તે તારાથી ભિન્ન છે. તારામાં હોવા છતાં તારો સ્વભાવ નથી અર્થાત્ "જ્ઞાન, દર્શનથી તન્મય રહેવા વાળો હું એક શુદ્ધ રૂપ દિથી રહિત છુ" કેવો સુંદર અભિપ્રાય ! આપણાં ઘરમાં ઘુસી ગયેલ ચોરને કાઢી મૂકવાની આપણને ઈચ્છા થતી નથી – કેવી આશ્ચર્યની વાત ! આ વિકાર ભાવને ચોર સમજી, કાઢી મૂકવાનો યોગ્ય પુરુષાર્થ કરવો જોઇએ.

પ્રસંગોચિત રાજા ભોજની એક ઘટના સ્મૃતિ પટ પર અંકાઈ ગઈ એક વખત રાજા ભોજ બિછાના ઉપર આરામ કરી રહ્યા હતા. પોતે કવિઓનું સન્માન કરતા વિશેષત : પેતે કવિ હતા. નીંદ ઉડી જતાં, તેમણે કાવ્ય રચના શરૂ કરી. :

ચિત્તને હરનારી યુવતિયો છે. મિત્રો અનુકુળ છે ભાઇઓ–સગાવ્હાલાં સરાં છે. નોકરો પડયો બોલ ઝીલનારા છે, હસ્તિશાળમાં હાથીયો ગર્જી રહ્યાં છે, મુસાફરો માટે વેગીલા તુરંગો (અશ્વો) છે.

આ ત્રણ ચરણ રાજા વારંવર બોલે છે પણ ચોથું ચરણ મળતું નથી. બહુ વાર થઈ ત્યારે તેના પલંગ નીચે છૂપાયેલ ચોર બોલી ઉઠયો.

"આંખ મીંચાતા, આમાંનું કશું હશે નહિ" આ સાંભળતાજ રાજાએ પૂછયુ" તૂ કોણ છે ? છૂપાયેલ ચોર બહાર નીકળી ઉભો રહ્યો અને કહેવા લાગ્યો, "હું ચોર છું સંસ્કૃત જાણું આપનું કાવ્ય પુરૂં થતુ નહતું – તે મેં પુરૂં કર્યું ચોરીની પ્રતીક્ષા કરતો, બહુ સમયથી છૂપાયેલ હતો. ઈચ્છા હતી કે આપની આંખો મળી જાય. હું ચોરી કરી મારૂં કાર્ય પૂર્ણ કરૂં પણ આપને નીંદ ન આવી હવે મારૂં કામ શી રીતે થાય ?"

રાજાએ ચોરને ધન્યવાદ આપ્યો તેં મારી આંખ ઉઘાડી નાખી છે. હું મારા માન ને સંપત્તિનો ગર્વ કરતો હતો. પણ તે બધું મારૂં નથી, મારૂં મૃત્યુ થતા, આ બધું અહિંજ પડી રહેવાનું છે. તિજોરી કે તાળું મૃતમા સાથે નથી જાતું ને ?"

ધીરે ધીરે આયુષ્ય સમાપ્ત થતું જાય છે પણ આત્માના કર્તવ્ય તરફ માનવીનું લક્ષ્ય દોરતું નથી.

"**મોહમહામદ** પિયો અનાદિ ભૂલ આપકો મરમત વાહિ" – આ જીવ અનાદિકાળથી મોહરૂપી મદિરાનું પાન કરી **આપને** ભૂલી, શરીરાદિ પદાર્થોને પોતાના માની રહ્યો છે. આ ભૂલના કારણથી ચતુર્ગતિ પરિભ્રમણ કરી રહ્યો છે. તેથી અજ્ઞાન પર પ્રહાર કરવાની અપેક્ષાએ. મોહ પર પ્રહાર કરો. જો ખરેખર મોહનો નાશ કરી શકશો તો અન્ત મુહૂર્ત સમયમાં સર્વ અજ્ઞાન નાશ પામશે અને આત્મા સર્વજ્ઞ બનશે.

સર્વજ્ઞ બનતાં, વાણીનો અતિશય પ્રગટે છે. સર્વ-જ્ઞના વચન ત્રિભુવન હિતકારી, મધુર અને વિશદ હોય છે.

મનુષ્યના શિરપર ભાર જેમ જેમ ઓછો થાય છે તેમ તેમ સુખી બને છે. પરંતુ આપણે મસ્તકપર ભાર લાદી સુખી બનવા માગીએ છીએ કેવી વિચિત્રતા '!

લક્ષ્ય રાખો ભાર ઉતારવાનો, નહીં કે વધારવાનો આ ત્યારેજ બનશે જયારે આપ યાદ રાખશો.

**તેરા સો એક**

જે તારૂં છે તે એક છે.

અનુ. : **પી. આર. સલોત**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રકાશ–સુવાસ–સંગીત

—શ્રી પ્રિયદર્શન

અલકાપુરી નામની એક નગરી હતી. તેમાં અલકેશ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને અલકા નામની સુંદર રાણી હતી.

રાજાના ત્રણ રાજકુમારો હતા. મોટાનું નામ હતું કનક, વચલાનું નામ હતું મનક અને નાનાનું નામ હતું જનક.

એક વખત રાજાને વિચાર આવ્યો, 'હું વૃદ્ધ થયો છું. જીંદગીનો ભરોસો નથી. અચાનક મારી આંખ કાયમ માટે મીંચાઈ જાય, તો આ રાજ્યનું શું થાય? રાજસિંહાસન માટે ત્રણ પુત્રો અરસપરસ લડે તો? અયોગ્ય પુત્ર રાજા બની જાય તો? પ્રજા દુઃખી દુઃખી થઈ જાય....ના, ના. મારી હયાતીમાં જ મારે એક પુત્રને રાજગાદીનો વારસદાર નિયુક્ત કરી દેવો જોઈએ. એ માટે મારે ત્રણે પુત્રોની યોગ્યતા તપાસવી જોઈએ 'મોટો હોય તે વારસદાર બને' આ માન્યતા બરાબર નથી. 'સુયોગ્ય હોય તે વારસદાર બને' આ સિદ્ધાન્ત સાચો છે. હું ત્રણે પુત્રોની પરીક્ષા કરીશ....'

રાજા અલકેશ પ્રજાવત્સલ હતો. રાજાને ખૂબ ચાહતી હતી. રાજાનું પ્રધાન મંડળ પણ બુદ્ધિશાળી અને દીર્ઘદૃષ્ટિવાળું હતું.

એક દિવસ રાજાની પાસે પ્રધાન મંડળની મંત્રણા ચાલી રહી હતી. રાજાએ એ વખતે મોટા પુત્ર કનકને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: 'બેટા કનક, હું તને એક સો રૂપિયા આપું છું. આ રૂપિયાથી તું તારો મહેલ ભરી દેજે. હું આવતી કાલે પ્રભાતે તારો મહેલ જોવા આવીશ.'

રાજાએ કનકને સો રૂપિયા આપ્યા. કનક રૂપિયા લઈને પોતાના મહેલમાં આવ્યો. મહેલમાં એના ચાર મિત્રો બેઠેલા હતા. મિત્રોને કનકે કહ્યું: 'દોસ્તો, મારા પિતા ઘરડા થયા, તેમની બુદ્ધિ પણ ઘરડી થઈ ગઈ છે....મને સો રૂપિયા આપીને મહેલને કોઈ વસ્તુથી ભરી દેવાનું કહ્યું! ચાલો દોસ્તો, આ સો રૂપિયાથી આજે ઉજાણી કરીએ!'

કનકને રવાના કરીને રાજાએ વચલા પુત્ર મનકને બોલાવ્યો અને કહ્યું: 'બેટા મનક, તને હું સો રૂપિયા આપું છું. આ રૂપિયાથી તારે તારા મહેલને ભરી દેવાનો છે! હું કાલે સવારે તારો મહેલ જોવા આવીશ.'

સો રૂપિયા લઈને તે પોતાના મહેલે ગયો. તે વિચારે છે: 'બાપુજીએ કેવી આજ્ઞા કરી? સો રૂપિયામાં એવી કઈ વસ્તુ મળે કે જેનાથી મારો આખો મહેલ ભરાઈ જાય? હું આજ્ઞાનું પાલન તો કરીશ....પણ મને કંઈ સુઝતું નથી...'

મનકને વિદાય કરીને રાજાએ નાના પુત્ર જનકને બોલાવીને કહ્યું: 'બેટા, હું તને સો રૂપિયા આપું છું. આ રૂપિયાથી તારે તારો મહેલ ભરી દેવાનો છે. હું કાલે સવારે મહેલ જોવા આવીશ.' જનકે રાજાને પ્રણામ કર્યા અને વિનયપૂર્વક રૂપિયા લઈને તે પોતાના મહેલે આવ્યો. તે વિચાર કરે છે: 'મારા પિતા જેમ પરાક્રમી છે તેમ બુદ્ધિમાન પણ છે. તેમણે આ રાજ્યને સમૃદ્ધ કર્યું છે. પ્રજાને સુખ આપ્યું છે. તેમણે મારી પરીક્ષા કરવા માટે જ આવી આજ્ઞા કરી છે....હું બુદ્ધિપૂર્વક એમની આજ્ઞાનું પાલન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીશ.'

ત્રણે રાજકુમારો પોત પોતાની બુદ્ધિથી વિચારવા લાગ્યા.

મોટા રાજકુમારે તેના દોસ્તોની સાથે એ સો રૂપિયામાંથી ઉજાણી કરી અને દારૂ પીધો... દારુના નશામાં ચકચૂર બનીને રાત્રે પોતાના મહેલના પગથિયાં પાસે જ ચત્તોપાટ પડયો....

વચલા રાજકુમારે સો રૂપિયા ભંગી લોકોને આપીને ગામ બહારના ઉકરડા પોતાના મહેલમાં ભરાવી દીધા અને પોતે મહેલના દરવાજા પાસે આવીને ઉભો રહ્યો.

નાના રાજકુમારે પોતાના એક નોકરને બોલાવીને કહ્યું : 'લે આ પચીસ રૂપિયા. બજારમાંથી દિવા લઈ આવ. મહેલની અંદર અને બહાર....દિવા પ્રગટાવી દેજે મહેલનો એકે ખૂણો દિવા વિનાનો ન રહેવો જોઈએ.'

બીજા નોકરને બોલાવીને કહ્યું : લે આ પચીસ રૂપિયા. બજારમાંથી દશાંગધૂપ લઈ આવ મહેલના દરેક ખંડમાં ધૂપદાનીમાં ધૂપ કરજે. મહેલના પ્રાંગણને પણ ધૂપથી મઘમઘાયમાન કરજે.'

ત્રીજા નોકરને બોલાવીને કહ્યું ' લે આ પચાસ રૂપિયા નગરમાંથી સારા સંગીતકારો અને વાદ્યકારોને બોલાવી લાવ તેમને કહે જે કે આજે આખી રાત પરમાત્માની ભક્તિ કરવાની છે.

બચેલા પચીસ રૂપિયા કુમારે ત્રણે નોકરોને બક્ષીસ આપી દીધા.

વહેલી સવારે રાજા પ્રધાનમંડળની સાથે ત્રણે રાજકુમારોના મહેલ જોવા માટે નીકળ્યા.

કનકના રાજમહેલ પાસે આવ્યા. રાજમહેલના પગથિયા પાસેજ કનકને ચત્તોપાટ પડેલો જોયો તેના મુખમાંથી દારુની ગંદી વાસ આવતી હતી. મહેલ સુનસામ હતો રાજાએ નિસાસો નાખ્યો પ્રધાન મંડળને કહ્યું : 'મારી અજ્ઞાનો અનાદર કરનાર અને દારુનો વ્યસની રાજકુમાર રાજા થવાને લાયક નથી.

રાજા પ્રધાનમંડળની સાથે મનકના મહેલ પાસે આવ્યા દુર્ગંધથી સહુના માથાં ફાટી જવા લાગ્યા સહુએ નાકે ને મોંઢે રૂમાલ દબાવ્યા મહેલના દરવાજે મનકને ઉભેલો જોયો રાજાએ મનકને પૂછયું : ' આટલી બધી દુર્ગંધ શાની આવે છે ?'

'ઉકરડાની....' મનકે ઉદ્ધતાઈથી જવાબ આપ્યો.

'અહીં ઉકરડો કયાંથી આવ્યો ?'

'સો રૂપિયામાં બીજું શું મળે ? મેંજ મહેલમાં ઉકરડો ભરાવ્યો....'

રાજાએ નિસાસો નાંખ્યો તેમણે પ્રધાનમંડળને કહ્યું : 'જેનામાં વિનય-વિવેક ન હોય અને કાર્યદક્ષતા ન હોય તેને રાજા ના બનાવાય.'

ત્યાંથી પ્રધાનમંડળ સાથે રાજા જનકના મહેલ તરફ ચાલ્યા. તેમણે દૂરથી જોયું તો જનકનો મહેલ દીપકોના પ્રકાશથી ઝળહળી રહ્યો હતો થોડા નજીક ગયા તો તેમના કાને ગીત સંગીતના મધુર સ્વરો પડવા લાગ્યા....મહેલના પ્રાંગણમાં પહોંચ્યા....તો સુગંધથી તેમનાં નાક ભરાઈ ગયાં.

મહેલનાં પગથિયાં ચઢીને રાજાએ અને મંત્રી મંડળે મહેલમાં પ્રવેશ કર્યો. તેમણે એક અદ્દભુત દૃશ્ય જોયું !

મહેલના મધ્ય ખંડમાં દીપકોનો પ્રકાશ છે ! ધૂપની સુગંધ છે ! ગીત-સંગીતનાં મોજાં ઉછળે છે! રાજકુમાર શુદ્ધ શ્વેતવસ્ત્રોમાં સજ્જ બની પરમાત્માની નયનરમ્ય પ્રતિમા સામે બેસીને મધુર સ્વરે ગીતગાઈ રહ્યો છે. વાદ્યકારો વિવિધ વાદ્યો વગાડી રહ્યા છે....

[ અનુસંધાન પાના ૧૬ ઉપર ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોક્ષ જોઈએ છે ને?

ભદ્રગુપ્તવિજયજી ગણી

એના ચહેરા પર ઉદાસીની ઝાંય ફેલાયેલી હતી.

આમ તો મકાનની પાસે ઉભેલું બાવળીયાનું ઝાડવું પણ ઉદાસ હતુ...અને એ ઝાડવાની છાંયમાં બેઠેલો ભિખારી પણ હતાશ હતો...વ્યથિત હતો. બપોરનો આગ વરસાવતા વેળામાં ગલીઓ ઉદાસ હતી. કયાંયથી પણ હસવાનો સ્વર નહોતો સંભળાતો...કોઇ પણ માણસ હસતો નજરે નથી પડતો.

એણે મને કંઇક પૂછ્યું, પણ ઉદાસીથી ભરાયેલા સ્વરે 'મારો મોક્ષ ક્યારે થશે?'

મારે એના સવાલનો જવાબ આપવાનો હતોજ નહી. કારણ કે મારી પાસે એવું વિશિષ્ટ જ્ઞાન છેજ કયાં? કે હું એનું ભવિષ્ય બતાવી શકું? શી ખબર એને પણ મોક્ષ પામવાની સાચેસાચ ઇચ્છા છે કે નહી! કોણ જાણે? પણ દુઃખોથી છૂટવાની...અશાંતિ અને અજંપાથી મુક્ત બનવાની સંતાપ અને પીડાથી દૂર જવાની...ઇચ્છાતો એની હતીજ, આ હું જાણતો હતો. પણ એનો પ્રશ્ન સાંભળીને મારૂં મન પણ અજબ-રીતે ઉદાસ થઈ ગયું! માણસ જયારે ઊંડા વિચારમાં ખોવાઈ જાય છે ત્યારે કેમ એના ચહેરા પર ઉદાસીના પડછાયા ઉતરી આવતા હશે? શું ઉદાસીને લોકો ગંભીરતાનો પર્યાય માની બેસતા હશે?

એનો પ્રશ્ન મારા ચિંતનનો વિષય બની ગયો! 'શું મારે મોક્ષ જોઇએ?' મેં મારી જાતને ઝકઝોરી! અરે...હું પોતેજ ખોવાઇ ગયો છું, પછી મોક્ષ જોઇએ કોને? જયાં સુધી 'હું અને મારૂં' આમાંથી મુક્તિ નહી મળે ત્યાં સુધી મોક્ષની શોધ હવામાં બાચકા ભરવા જેવી છે! 'અહં' અને 'મમ' થી મુક્તિ વર્તમાન જીવનનો મોક્ષ બની શકે છે. આ મોક્ષને પામ્યા વગર પેલો 'મોક્ષ-સર્વકર્મોના ક્ષયથી પ્રાપ્ત થતો મોક્ષ, નહી મેળવી શકાય.

હું અને મારાપણાની કલ્પનાથી અસંખ્ય ઇચ્છા-ઓના જાળાં ગુંથાઈ ગયાં છે અને એ ઇચ્છાઓજ દુઃખી કરે છે, અશાંત બનાવે છે? ઇચ્છાઓના પાશ-માંથી મુક્ત થવું નથી...અને શાંતિની શોધ કરવી છે! છે ને નરી વિસંવાદિતા આપણા જીવનમાં, ?

શાંતિની શોધ...શોધજ બની રહેશે કે શું? અશાંતિજ જીવનનો પર્યાય બની જશે શું?

એ મારી સામેજ બેઠો હતો...મેં એની સામે જોયું....મારા મોઢામાંથી શબ્દો નીકળ્યા...

'જ્યારે તું ઇચ્છાઓથી પૂરી રીતે મુક્ત બની જઈશ ત્યારે તારો મોક્ષ જરૂર થઇ જશે જ્યારે હું આકાંક્ષાઓથી અળગો થઈ જઇશ ત્યારે મારો મોક્ષ થશે. ઇચ્છા-ઓથી આપણને મુક્તિ ત્યારે મળશે જયારે આપણે 'હું અને મારાપણા'ના નશામાંથી મુક્ત થઈ શું.'

એની ચિંતા ચાલી ગઇ.... એની આંખોના આઈ-નામાં નવી રોશનીની ચમક તરી આવી...અને એ બોલી ઉઠયો : 'સાચી વાત છે...સાવ સાચી વાત છે...!'

સ્વપ્ન! શમણાં?

ઉંઘનાં શમણાઓ અને જાગૃતિના શમણાંઓ!

ઉંઘ દરમ્યાન આવતાં શમણાઓ પર આપણો અધિકાર કે કાબુ રહેતો નથી...પણ જાગૃતિનાં સપના માટે તો આપણે જ જવાબદાર છીએ આપણો એના પર અધિકાર પણ છે.

ભાવિનાં સોહામણાં શમણાં જોવાના શું માનવાની આદત હોય છે!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવિનાં દુઃખદ સપનાંઓ જોયા કરવામાં પણ શું માનવીની **સહજ** વૃત્તિ હોય છે.

કોઈ ન કોઈ ભવિષ્યની કલ્પના...! કોઈ કલ્પના જન્ય ભય ! અવ્યક્ત ભય ભાસે છે...! કોઈ કલ્પનાથી અવ્યક્ત ખૂશીની અનુભૂતિ થાય છે! જ્યારે અનુકુળ પરિસ્થિતિ આવે છે ત્યારે સ્વર્ગની કલ્પનાઓ અને સ્વર્ગના સપનાઓની સપ્તરંગી ચૂનર ફેલાવી દઉં છું, જ્યારે પ્રતિકૂળતાની પળો આવે છે ત્યારે જીવતર નરક બની જાય છે! નરકનાં શમણાં રચાવા માંડે છે! આંખ સામે નરક ઊભું થઈ જાય છે !

સ્વપ્નનું સ્વર્ગ જ્યારે દૂર દૂર જાય છે... સ્વર્ગની પૂરબહાર ધરતીના બદલે બીહડ જંગલ દેખા દે છે, માણસ ત્યારે નિરાશ...ઉદાસ અને ભગ્નહૃદયી બની જાય છે. આમ છતાંયે સપનાં જોવાની આદત છૂટતી નથી. !

ક્યારેક કોઈ સ્વપ્ન સાકાર બની જાય છે તો વળી પાછો સપના જોવાની આદત વધું ને વધુ ઘેરી બને છે. જોતો જ જાઉં છું શમણાંઓ ! ક્યારેક વળી નિષ્ફળતાનાં આંસુ છલકતા ગીત ગાયા કરું છું...અને ચાલ્યો જાઉં છું પરલોકની યાત્રાએ જીર્ણ શીર્ણ જીવનનો જનાજો ઉપાડીને...!

સ્વપ્ન જોવાની ચેષ્ટા ક્યારેય થંભતી નથી...!

જાગરણમાં સ્વપ્ન જોવાની આદતથી મુક્ત બનવું આ એક બહુ સરળ અને સાચો ઉપાય છે. વર્તમાનને સુખી બનાવવા માટે ! મનની આદતથી મુક્ત બનવું સહેલું નથીજ...સપના જોયાજ કરે છે આ મન સપનાઓના આકાશમાં નિહારવાનું છોડીને વાસ્તવિકતાની ધરતી પર કદમ મૂકવાનું મનના માટે મુશ્કેલ તો હશેજ પણ પરિણામે સુખપ્રદ અને આનંદદાયક બની રહે છે.

જો જાગૃતિમાં સપનાને સાકાર કરવું છે તો દૃઢ મનોબળ જોઈશે સંઘર્ષ માટે પળેપળની તૈયારી જોઈશે નિષ્ફળતામાં નિરાશા નહીં. સફળતા ન મળે ત્યાં સુધી પ્રયાસ પૂરજોશમાં જારી રાખવાની ખૂમારી જોઈશે.

બે રસ્તા છે :

કાંતો સ્વપ્ન જુઓ જ નહીં અને કાં પછી સ્વપ્નને સાકાર બનાવવા માટે જી જાનથી કોશીશ કરો... સંઘર્ષથી હારો નહી...

---

[ પાના ૧૪નું ચાલુ ]

રાજા અને પ્રધાનો ત્યાં બેસી ગયા. ભક્તિ સંગીતમાં ઝીલવા લાગ્યા.

કાર્યક્રમ પૂરો થયો. રાજકુમાર જનક ઊભા થઈને પિતાના ચરણોમાં પ્રણામ કર્યા રાજાએ જનકના માથે હેતભર્યો હાથ મૂકયો અને પૂછયું : ' બેટા, મેં તને મહેલ ભરી દેવાનું કહ્યું હતુ ને ? મહેલ તો ખાલી છે ! '

' પિતાજી, મેં મહેલને પ્રકાશથી ભરી દીધો છે ! મેં મહેલને સુવાસથી ભરી દીધો છે ! મેં મહેલને સંગીતથી ભરી દીધો છે ! આપ મહેલના એકે એક ખંડને જોઈ લો....'

રાજાની આંખો હર્ષનાં આંસુથી ભરાઈ ગઈ. તેમણે પુત્રને છાતીએ લગાડીને કહ્યું;

'હે વત્સ ! તું જ મારી રાજગાદીનો વારસદાર છે. તું પ્રજાજીવનને જ્ઞાનના પ્રકાશથી ભરી શકશે તું પ્રજાજનોના મનને શ્રદ્ધાની સુવાસથી ભરી શકશે. તું પ્રજાજનોના જીવનને સદાચારના સંગીતથી ભરી શકશે....'

રાજાએ પ્રધાનમંડળને કહ્યું,

'હે વફાદાર પ્રધાનો હું મારી રાજગાદીના વારસદાર તરીકે જનકને જાહેર કરું છું.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જયઉ સવ્વણું સાસણં.
# શ્રી જિન દર્શન–પૂજા વિધિ આરાધના વિનંતી રૂપે.

પત્રિકા પવિત્ર જગ્યાએ કે દેરાસરમાં મુકવા વિનંતી છે. **અથવા** પરસ્પર વાંચવા આપી ફેલાવો કરશોજી, રોજ થોડું થોડું લખાણ દેરાસરના બ્લેક બોર્ડ ઉપર લખવા વિનંતી છે.

(૧) દેરાસર કે પ્રભુજીને દૂરથી દેખતાંજ અંજલી કરી "**નમો જિણાણં**" બોલવું. ત્યાર બાદ પહેલી "નિસિહિ" મૂળ-દરવાજે પ્રવેશતાં કહી ઘર-સંસારની વાત-વિચારણા છોડવી. માત્ર દેરાસરમાં કાજો-સફાઈ વિગેરે જરૂરીયાત ધ્યાનમાં લઈ કરવાં કરાવવાં.

(૨) બીજી "નિસિહિ" ગભારામાં પેસતાં કહી ભગવાનની અંગપૂજા આદિમાં મનને જોડવું.

(૩) ત્રીજી "નિસિહિ" ચૈત્યવંદનની શરૂઆતમાં કહી બોલાતાં સૂત્રોના શબ્દો અર્થ અને ભગવાનના ગુણોમાં (મૂર્તિમાં) મન પરોવવું.

(૪) પ્રભુજીનાં સ્તુતિ–સ્તવન વિ. મધુર અને ગંભીર સ્વરે બીજાને વિઘ્ન ન થાય તેમ બોલવા.

(૫) શારીરિક ને માનસિક ચોખ્ખાઈ રાખવી અને વિવેકહીન વસ્ત્રો પહેરવાં નહિ.

(૬) અષ્ટ પ્રકારી પૂજાનો ક્રમ: અભિષેક, કેશર (ચંદન) પૂજા, પૂષ્પ-ધૂપ, દીપક પૂજા, અક્ષત (ચોખા) પૂજા, નૈવેધ, ફળપૂજા.

(૭) શક્ય હોય ત્યાં સુધી **પૂજાની સામગ્રી**: કેસર, દુધ, ફૂલ, વાસક્ષેપ, ચોખા, બદામ, ફળ વગેરે ઘેરથી લઇ જવા અને સામગ્રી ઊંચી અને ચોખ્ખી વાપરવી.

(૮) ન્હવણવાળા હાથે પૂજા કરાય **નહીં**. ન્હવણના ડબ્બામાંથી વાટકી લઇ ચોખ્ખા પાણીથી તે ધોઇને પછી તેમાં કેસર લેવું.

(૯) ન્હવણ ભોંય પર ઢોળાય નહિ તે રીતે શરીરે લગાડાય ન્હવણ ખૂબ પવિત્ર અને પૂજ્ય છે, તેથી કોઇનો પગ તેના ઉપર આવવો જોઇએ નહિ.

(૧૦) જિનબિંબને વાળાકુંચી સખ્તને ઝડપી હાથે કરવી નહીં. પ્રથમ ભીનાલુગડાનો ઉપયોગ કરી જરૂર પડે ત્યાંજ પોચા હાથે વાળાકુંચીનો ઉપયોગ કરવો. જે રીતે એકાસણામાં દાંતમાં ભરાયેલ વસ્તુ કાઢવા આપણે સળીનો ઉપયોગ કરીએ છીએ. તે રીતે સારી રીતે પોતું કર્યા બાદ પ્રભુજી ઉપર રહેલ કેસર વગેરે દૂર કરવા વાળા કુંચીનો ઉપયોગ કરવો.

(૧૧) વર્તમાનના શુદ્ધ અત્તર વગેરે દુર્લભ છે માટે પ્રભુજીને અત્તર વગેરે લગાવવું નહીં. ધૂપ દીપક બહુ નજીક રાખવા નહીં. ગભારા બહાર ધૂપ દીપક પૂજા કરવી.

(૧૨) આંગીની તથા ઘીની બોલીની રકમ તેજ દિવસે અથવા સંઘે ઠરાવેલી મુદત પ્રમાણે ભરપાઈ કરવી જોઇએ. **દેરાસરની ઉધારી દોષમાં નાંખે છે.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧૩) દેરાસરમાં રાખેલ સાધારણના કેસર, દૂધ, ધૂપ જરૂર પુરતાં વાપરવાં. ધૂપદાનીમાં સળગતી અગરબત્તી હોય તો વધુ પડતી નવી અગરબત્તી સળગાવવી નહીં.

(૧૪) છોકરાઓ તથા પુરુષોએ પૂજા કરતાં ફક્ત ધોતી અને ખેશ પહેરવા જોઇએ, મુખે ખેસ એક બાજુથી આઠ પડ કરી બાંધવા જોઈએ. પૂજા કરતાં કેશરના છાંટા ભગવંત અને બાજુ ઉપર ન પડે તેની કાળજી રાખવી જોઈએ, પૂજામાં તાજાં ફૂલ વાપરવા જોઇએ. ફૂલ સ્વચ્છને પવિત્ર જોઇએ, ફૂલ ધોવાથી સુક્ષ્મ જીવાણુંની હીંસા થાય છે.

(૧૫) કેશર નખને લાગવું ન જોઇએ, કેસરની આંગળી તેવી રીતે બોળો કે નખને કેસર લાગે નહિ, કેસરપૂજા ધીરજથી કરવી,

(૧૬) ભગવાનના પગલાની પૂજા છેલ્લી કરવી. ત્યારબાદ ભગવંતની પૂજા કરાય નહિ યક્ષ દેવી-લાંછનને છેલ્લે કપાળે તિલક કરવું જોઇએ,

(૧૭) પ્રભુજીને મુખ બાંધીને અડકવું જોઇએ કે પગે પડવું જોઇએ. ભગવાનના ખોળામાં માથું મુકાય નહિ. અને હાથ સિવાયનું આપણું શરીર પ્રભુને અડકવું કે ઘસાવું ના જોઇએ તથા કપડા પણ અડવાં ના જોઇએ.

(૧૮) દર્શન કરનાર પ્રભુજીનું મુખ જોઈ શકે તે માટે અને વિધિ પળાય તે મુજબ પુરુષોએ ભગવાનની જમણી બાજુથી અને સ્ત્રીઓએ ભગવાનની ડાબી બાજુથી પૂજા દર્શન કરવા.

(૧૯) વાસક્ષેપ પૂજા અંગુઠો અને અનામિક આંગળી (જેનાંથી પૂજા કરીએ છીએ તે આંગળી) ભેગી કરી કરવી જોઇએ.

(૨૦) સરલતા માટે અક્ષત-ફૂલ નૈવેદ્ય પૂજા (સાથીયો) ભંડાર ઉપર....કરવો. અને સાથીયો કરનારને ભંડાર પાસે જગ્યા આપવી- છતાંય પાટલા બાજોઠી ઉપર કરેલ સાથીયો ચૈત્યવંદન પુરું થતાં બાજુ ઉપર મુકવા જેથી પાટલા ઠેએ ન ચઢે.

(૨૧) ગભારામાં ઇલેકટ્રીક લાઇટ લોખંડના હુક સળીયા-દરવાજાનું લોખંડનું ફીટીંગ-લોખંડની ડબ્બીઓ વિ. રખાયજ નહિ. શક્ય હોય તો દેરાસરમાંથી પણ દૂર કરવું. પ્લાસ્ટીક દેરાસરમાં વાપરવું નહિ.

(૨૨) મ્યુનિસિપલ નળનું પાણી પ્રક્ષાલમાં લેવાય નહિ ટાંકું કે બોરીંગનું પાણી પૂજામાં વાપરવું જોઇએ.

(૨૩) દેરાસરના દરેક કામો કેસર ઘસવું-અંગલુછણા કરવા દેરાસર સાફ કરવું (કાજો લેવો) વિ. બધાં કામો શ્રાવકે જાતે કરવા જોઇએ. ત્રણ જગતના નાથ દેવાધિદેવનાં બધાંય કામો જાતેજ ભક્તિ-પૂર્વક પ્રેમ પૂર્વક અહમ્ વગર કરવા જોઇએ.

(૨૪) દેરાસરમાં ગરીબ ધનવાન સૌને સરખા ગણવા. સાધર્મિક તરીકે સર્વનું સન્માન કરવું અને વિવેક ઔચિત્ય સાચવવું.

(૨૫) પ્રભુને હાથમાં લેતાં કે પધરાવતાં બે હાથે બહુમાન પૂર્વક પકડવા જોઇએ.

(૨૬) એક હાથમાં પ્રભુજીને બીજા હાથમાં સિદ્ધચક્ર ભગવાન તે બેઉ સાથે લેવા ના જોઇએ.

(૨૭) ખમાસમણ સૂત્રનો 'મત્થેણ વંદામિ' શબ્દ બોલતાં બે ઢીંચણ બે હાથ અને મસ્તક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(લલાટ) પાંચે અંગોને જમીન સાથે અડાકાડવું. દેરાસરમાંથી નીકળતા કે દેરાસરમાં પ્રભુજીને પૂંઠ ના પડે તે ખાસ જોવું.

(૨૮) નૈવેદ્ય તેવી રીતે પેક રાખો કે જેથી કીડી વિ. ઉપદ્રવ ના થાય.

(૨૯) દેરાસરની ચોકડી અલગ જોઈએ; જ્યાં અંગલુછણા ધોવાય અને દેરાસરના વાસણો મંજાય ત્યાં **સાંસારિક ઉપયોગ મહા આશાતનાનું કામ કરે છે.**

(૩૦) ફુલની માળા કાચા સૂતરથી પોચી ગાંઠથી બાંધવી જોઈએ, સોયથી ફુલ વિંધાય નહિ તે એક ઇન્દ્રીયજીવ છે.

(૩૧) 'ભગવાન કરુણામય છે. મંગલમય છે. સર્વ ગુણમય છે. તેઓજ એકમાત્ર શરણભૂત છે. પરમ કલ્યાણમય પરમાત્માનું જ આપને શરણ હો.' એમ ભાવ્યા કરવું.

(૩૨) દર્શન પૂજનાદિનું ફળ : ઘેરથી નીકળી મૌનપણે દેરાસરે જનાર, રસ્તામાં કોઈ સાંસારિક વાત વિચાર ન કરનાર, પ્રભુદર્શનના શુભભાવવાળો, નિર્મળપવિત્ર કરુણામય મનવાળો આત્મા નીચે જણાવેલ ફળ જરૂર પામી શકે છે. અહીં તો મધ્યમ ફળ કહ્યું છે. ઉત્કૃષ્ટ ભાવ આવી જાય તો ઉત્કૃષ્ટ ફળ કેવળ જ્ઞાન તથા મોક્ષ મળી શકે છે.

દેરાસરે જવાની ઈચ્છા થાય ત્યાં ૧ ઉપવાસનું ફળ મળે છે.

દેરાસર જવા ઉઠે ત્યાં ૨ ઉપવાસનું ફળ મળે છે.

દેરાસર જવા માંડે ત્યાં ૩ ઉપવાસનું ફળ મળે છે.

દેરાસર તરફ ડગલું ભરો ત્યાં ૪ ઉપવાસનું ફળ મળે છે.

દેરાસરના રસ્તે ચાલતા ૫ ઉપવાસનું ફળ મળે છે.

દેરાસરના પગથિયાં ચડતાં ૧૫ ઉપવાસનું ફળ મળે છે.

દેરાસરમાં જિન મૂર્તિના દર્શન કરતાં ૩૦ ઉપવાસનું ફળ મળે છે.

તેવી રીતે પ્રદક્ષિણા દેતાં ને પૂજન કરતા અનેકગણું ફળ મળે છે.

(૩૩) દેરાસરમાં પાંચ અભિગમ સાચવવા. અભિગમ એટલે વિનય, તે આ પ્રમાણે છે.

(૧) આપણા ઉપયોગની છૂટ-છત્રી થેલી જેવી અને પાન-સોપારી દવા મસાલો વિ. જેવી ચીજો સાથે ન લઈ જવી. (૨) કેસર-ફળ-ફૂલ-દૂધ જેવી પ્રભુને સમર્પણ કરવાની ચીજો લઈ જવી. (૩) ખેસ-ધારણ કરવો, (૪) પ્રભુજી દેખાતાં માથે અંજલી કરી "નમો જિણાણું" કહેવું. ૫) ચિત્તની સ્થિરતા રાખવી.

(૩૪) પ્રભુ દર્શન-પૂજન શાંતિ ચિત્તે સ્વસ્થ મનથી, અહમ્ વગર, એકાગ્રતાથી, પૂજ્ય ભાવે કરવી સુયોગ્ય છે અને તેથી ચિત્તમાં પ્રસન્નતા પ્રસરી રહે છે. પ્રસન્નતાથી પ્રભુ પૂજન અખંડિત બને છે, એમ આનંદઘનજી કહે છે.

(૩૫) મહાન ઈન્દ્ર મહારાજા ચૈત્યભૂમિ (દેરાસર)ને શુદ્ધ કરી જીવનને ધન્ય બનાવે છે, દેરાસરની સફાઈ વગેરે બધા નાનાં મોટા કામો જાતે કરવાથી ઉત્તમ પુણ્ય પ્રાપ્ત થાય છે. અશુભ કર્મોનો નાશ થાય છે. પૂજારી પાસે અંગત કામ કરાવવું નહિ. કેસર ચંદન ઘસવાનું અંગલુછણાં કરવાનું, કાજો કાઢવાનું વિ. કામો જાતે કરવા જોઈએ. ઈન્દ્ર જેવા ઇન્દ્ર પણ પ્રભુજીની ભક્તિ કરવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પશુનું રૂપ ધારણ કરેલ છે. તો આપણી શી વિસાત છે?

(૩૬) તમે ઘેરે વાપરતા હોય તેનાથી સવાઈ ઉત્તમ સામગ્રી પૂજામાં વાપરશો. ભેળસેળવાળા તથા હલકાં કેસર, ચંદન, વરખ, ઘી બાદલું, કટોરી, ઉન, મખમલ વાપરવાં જ નહિ. ઉત્તમ દ્રવ્યોથી કદાચ પૂજા થોડી થાય તો પણ સાચા દિલની કરેલી અનુમોદનાનું પુણ્ય અધિક છે.

(૩૭) પૂજાત્રિક : (૧) અંગ પૂજા : વિઘ્નોનો દૂર કરનારી છે.

(૨) અગ્રપૂજા : આત્માનો અભ્યુદય સાધી આપનારી છે.

(૩) ભાવપૂજા : મોક્ષ ફળ આપનારી છે.

અંગપૂજા ગભારામાં પૂજાના કપડાં પહેરી કરવી. પ્રભુજીને વાસક્ષેપ પૂજા–પ્રક્ષાલ, કેસર બરાસ ફુલ પૂજાને અંગ પુજા કહેવાય. ચંદનપુજા કરતાં કેસરની વાટકીને ડાબી હથેલીના મધ્ય ભાગમાં રાખવી આંગળીમાં પકડવી નહિ

ધૂપ–દીપક ચામર પુજાને અગ્રપૂજા કહેવાય. અગ્રેપુજા ગભારા બહાર કરાય. હવે અંગપુજા કરવી નહિ.

ભાવપુજા છેલ્લે ચૈત્યવંદનની ક્રિયાને ભાવપુજા કહેવાય. ચૈત્યવંદન કર્યા પછી અંગ કે અગ્ર પુજા થાય નહિ.

અંગપૂજા અગ્રપૂજા કર્યા પછી છેલ્લે ભાવપૂજા થાય, શસ્રોકતક્રમ છે. તે સાચવવો.

વિધિથી નિરપેક્ષ રહી ગમે તેવી કિંમતી પૂજા કરવામાંય ધર્મ નથી થતો, માટે વિધિને સાપેક્ષ રહી વિધિ જાણવાનો પ્રયત્ન કરી અવિધિ ટાળતા રહો!

(૩૮) અંગ પૂજા કરતાં પૂજાના દૂહા સ્તુતિ વિ. મનમાં બોલવાં જોઇએ. પૂજાની ભાવના હૃદયમાં ભાવવી.

(૩૯) પહેલાં કોઇએ સુંદર આંગી કરી હોય કે પહેલાં આંગી કરનાર શ્રાવકનું મન દુઃખ થાય તેમ હોય દુઃખનું કારણ ન હોય ત્યારે પણ જો પૂર્વની આંગીથી અધિક કરવાની શક્તિ ભાવના ન હોય તો પણ પૂર્વ કરેલ આંગી રહેવા દેવી. તેમાં ફેરફાર ન કરવો જોઇએ.

(૪૦) હાથ લુછવાના લુગડાંથી પૂજાની વાટકી, થાળી લુછવી નહિ, કેસર ચંદન ઘસવા નિર્મળ જળ લેવું કુંડીના પાણીને લેવા હાથથી ઉપયોગના કરતાં પવાલુનો ઉપયોગ કરવો કે ચકલીવાળી બંધનળીનો ઉપયોગ વધુ સારો છે. પ્રક્ષાલ માટે કળશનો ઉપયોગ કરવો જોઇએ.

પ્રક્ષાલમાં મ્યુનિસીપલ ચકલી કે ટાંકીનું પાણી વપરાય નહિ કુવા–નદી બોરીંગ કે ટાંકીનું સીધું કુદરતી પાણી સ્વચ્છ વાપરવું. આજના મોટે ભાગે ઓવર હેડ કે અન્ડરગ્રાઉન્ડ ટાંકીનું પાણી કે ચકલી (પાઈપ) દ્વારા આવતું પાણી કેમીકલ્સ મીક્ષ હોય છે.

(૪૧) અંધારામાં કે વહેલી પરોઢે દેરાસરમાં પૂજા થાય નહિ કે પાણી ગળાય નહિ કે કાજો કઢાય નહિ

(૪૧) A "જયણાએ ધમ્મો" જીવ હિંસાથી બચવાનો પ્રયત્ન તે જયણા અથવા યતના કહેવાય. જયણા સિવાય ધર્મ ન હોય, પ્રભુ ભક્તિમાં પણ એ જયણા પાળવાની છે.

(૪૨) પ્રભુજીને વાહનમાં લઈ જવાય નહિ નહિતર અઢાર અભિષેક કરવાં જોઇએ.

ભક્તિ પૂર્વક–બહુમાન પૂર્વક પ્રભુજીને વિધિપૂર્વક રથમાં લઈ જવા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૪૩) વ્યવહાર અને ભક્તિ : પૂજા–પૂજનમાં લૌકિક વ્યવહાર મુજબ ચાલુ પૂજાએ પૈસાદારને સગા સંબંધીને આગળ બેસાડવાં ફોટા પડાવવા વિ કાર્યો મહાન દોષ રૂપ અને ભક્તિમાં ધ્યાન ભંગનું કારણ છે.

(૪૪) દેરાસરમાં કે ઉપાશ્રયમાં ગરીબ તવંગર સા દેવાધિદેવ પાસે સેવક સ્વરૂપે છે ત્યાં આવકાર કે અવહેલના કોઇની ના થાય આ ચિત્ય જરૂર જળવાય.

(૪૫) વસ્ત્ર પરિધાન કેવું કરવું ? પૂજામાં પુરુષોએ ધોતિયું બેસ બને ત્યાં સુધી સુતરાઉ જે રોજ પાણીમાં બોળાય તો સારું તે વાપરવાં–લેંઘા, ચડ્ડી, રેશમી ઝબ્બા કદાપિ નજ પહેરાય.

સ્ત્રીઓએ દેરાસર કે ઉપાશ્રયમાં માથું ઉઘાડું કદાપી રાખવું જોઇએ નહિ. તેથી વીતરાગનાં દર્શને આવેલાને રાગનું નિમિત્ત આપવા જેવું થાય તથા મર્યાદા ભંગ કરવાનું પાપ છે માટે મર્યાદા સાચવીને પૂજા કરવી. મર્યાદિત વસ્ત્રોમાં પ્રભુ પ્રત્યે પૂજ્યભાવ અને વિનયભાવ પ્રગટે છે.

(૪૬) પર્યુષણાની તપસ્યા પછી જે રાત્રી જાગરણ વિ. થાય છે. તેમાં મહદ્ અંશે તેનું મૂળ સ્વરૂપ–હાર્દ–ખોઈ નાખ્યું છે.

(૪૭) આજે પુજા ભાવના રાત્રીજગામાં ફોટા લેવાય છે. પછી યુવક યુવતીઓ દાંડીયારાસ લે છે. મોડી રાત સુધી ભારે વોલ્ટવાળા વીજળીના બલ્બો વપરાય છે. જેથી હિંસા વધે છે, માઇક વપરાય છે, સ્ત્રીઓ ગાય છે. નૃત્ય કરે છે, જે પુરુષો જુએ છે. નાસ્તા પાણી થાય છે. જલસા થાય છે. આથી મોહ ને રાગ વધે છે. આ બધું બંધ થવું જોઇએ. નહિતર સદ્‌ગતિ ને બદલે દુર્ગતિ થશે.

(૪૮) જૈન બેઠો થાય તેનું જૈનત્વ–ચાલે–દોડે મજબુત થાય તેવાં કાર્યો કરો.

**જૈન મજબુત તો ધર્મ પણ મજબુત.**

SEE FOR CONCRET & FRUITFUL RESULT

(૪૯) પૂજારી : પૂજારી સવારે ૫–૩૦ થી ૧૨–૩૦ કલાક સુધી ફરજ ઉપર હોય. તેથી સ્વભાવિક ચ્હા–બીડી પીવે મસાલો ખાય, લઘુશંકાએ જાય. તેથી આશાતનાથી બચવા પુજારીને ફરજીયાત ા કલાકની રીસેસ આપવી. રીસેસ દરમ્યાન ખાણી–પીણી પતાવી ફરી પુજારી નાહી સ્વચ્છ થઈ દેરાસરનું કામ કરે તે ધ્યાન રાખો.

પુજારીએ પુજાનાં કપડાં દેરાસરમાં પહેરવાં જોઇએ.

(૫૦) વહીવટદારોને કાયદા :– આ યુગના ટ્રસ્ટીઓને વહીવટદારોને શાસ્ત્રનું આવશ્યક જ્ઞાન જોઈએ તેમ ટ્રસ્ટ એકટ ઈન્કમટેક્ષ વિ. નું જ્ઞાન જોઈએ તે જ્ઞાન નહિ હોય તો સંસ્થાને અને વહીવટદારોને નુકસાન દંડની સજાની જોગવાઇ છે.

(૫૧) પૂજાના કપડાં પહેરી સામાયિક કે અન્ય પ્રવૃત્તિ ના કરવી જોઇએ.

(૫૨) પૂજા દર્શન વંદન વખતે યાત્રામાં કે તીર્થ સ્થાનમાં નિયાણું ન થાય એટલે કે સાંસારિક લાભની અપેક્ષાએ માગણી કદાપિ ના થાય.

(૫૩) પાંચ કલ્યાણક :– પ્રભુ પુજામાં જિનેશ્વર દેવના જીવનનાં પાંચેય કલ્યાણકો આવરી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેવામાં અચ્યા છે. તેથી પુજા કરતી વખતે પાંચેય કલ્યાણકોની ઉજવણી થાય છે :

ચ્યવન કલ્યાણક :– પ્રભુ ઉપરથી વાશી ફૂલો વગેરે નિર્માલ્ય ઉતારવું મોરપીંછીથી હળવા હાથે પ્રમાર્જવું તે ચ્યવન કલ્યાણકનું સૂચક છે.

જન્મ કલ્યાણક :– દૂધ દહીં, સાકર, ચંદન, યુક્ત જળપંચામૃતથી અભિષેક કરવો. ચંદન પૂષ્પ પૂજા કરવી તે જન્મ કલ્યાણકનું સૂચક છે.

જળ પૂજા વખતે ચિંતવવું કે મારો કર્મ રૂપી મેલ પ્રભુને કરેલ જળ પૂજા વડે દૂર થાઓ

ચંદન પૂજા વખતે ભાવના ભાવવી કે ભાવના ચંદન સમાન મોક્ષ સુખની શીતળ છાયા પ્રભુ પૂજાથી મારા આત્માને પ્રાપ્ત થાઓ.

પૂષ્પ પૂજા વખતે ચિંતવવું કે પુષ્પ જેવા વનસ્પતિ કાયના જીવને પણ પુણ્યોદયે પ્રભુના મસ્તકે ચઢાવાનું સદ્‌ભાગ્ય મલ્યું તો મારા આત્માને પણ મોક્ષ સુખ મળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાઓ.

જળ પુજા, ચંદન કેસર પૂજા, પુષ્પ પુજા અંગ–પુજા કહેવાય. જે પ્રભુજીના અંગ-શરીર ઉપર ગભારામાં થાય.

દીક્ષા કલ્યાણક :– દીક્ષા કલ્યાણકની ઉજવણી રૂપે ધૂપ પૂજા કરવાની છે. ત્યારે ચિંતવવાનું કે ધૂપ ઉર્ધ્વગામી છે તેમ મારો આત્મા ઉર્ધ્વગામી બને ને સિદ્ધસિલા ઉપર પહોંચે તેમજ ધૂપ જાતે ભસ્મ થઇ તેની સુવાસ ચોગમ પ્રસરાવે છે તેમ ધૂપ પૂજાથી મારા આત્માના કર્મના મેલ ભસ્મીભૂત થઈ આત્મા કલ્યાણ સાકાર પામે.

ધૂપ પૂજા પાપને બાળે છે.

દીપક પૂજા જ્ઞાનનો પ્રકાર આપે છે.

કેવળજ્ઞાન કલ્યાણક તેની : આરાધના સ્વરૂપે દીપક પૂજા છે. પ્રવિત્ર રૂની દીવેટ બનાવી, કપુર વિગેરેથી સુગંધિ તાજા શુદ્ધ ચોખ્ખા ઘીથી પ્રગટાવી પ્રભુની જમણી બાજુ ઉભા રહી ચિંતવવાનું કે અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરતો કેવળ જ્ઞાનરૂપ દીપક મારા આત્મામાં પ્રગટ થાવ. અંધકાર ઉલેચાઇ જાવ.

ગર્ભદ્વારમાં શુદ્ધ ઘીનો દીવો જ રખાય વનસ્પતિ ઘી કે ઇલેકટ્રીક લાઈટ રખાય નહિ.

ચામર, ગીત, નૃત્ય વગેરે કેવળજ્ઞાનની ઉજવણીના ભાગરૂપ છે. ત્યારે ભાવવું કે હે ભગવાન અનંતાનંત સંસારમાં હું નાચ્યો, **હવે સંસાર નાટકથી છૂટવા તારી પાસે નૃત્ય કરૂં છું. મને મુક્તિ આપવા.**

ભવમંડપમાં હું નાટક નાચીઓ. હવે મુજ પાર ઉતાર.

પુરુષોની સભામાં સ્રીઓએ કે બાલિકાઓ ન નૃત્ય કરવું તેમજ સ્રીઓની પુજામાં કે સ્રીઓ ગાતી નાચતી હોય ત્યારે પુરૂષોએ કે બાળકોએ ના જવું શૃંગરરસ પ્રગટે જ.

નિર્વાણ કલ્યાણીક :– અક્ષત નૈવેદ્ય તથા ફળ પુજા તે નિર્વાણ કલ્યાણકની ઉજવણી રૂપે છે.

અર્થાત નિર્વાણ કહેતા મોક્ષ એ પણ અક્ષતની જેમ અખંડ શાશ્વતની જેમ અખંડ શાશ્વત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વરુપ છે નૈવેદ્ય–આહાર, એનાથી રહિત અણહારી સ્વરુપ છે, અને ફળ–અંતિમ પ્રાપ્ય સ્વરુપ છે, અર્થાત બધી આરાધનું છેલ્લું ઊંચુ ફળ છે.

અખંડ, બન્ને બાજુ અણીદાર ઉજ્જવળ અક્ષત (ચોખા) નો સ્વસ્તિક નંદ્યાવર્ત કરવો. તે ચાર ગતિ–દેવ ગતિ, નારક ગતિ, તિર્યંચ ગતિ, મનુષ્ય ગતિના નિવારણ રૂપે આલેખવો પછી તે ઉપર દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપી રત્નત્રયીની ત્રણ ઢગલીઓ કરવી (રત્નના અભાવે અક્ષતની ઢગલી કરી રૂપાનાણું મૂકવું.) ઉપર સિદ્ધશીલા રૂપ ચંદ્ર કરવો.

સ્વસ્તિક ઉપર ભૌતિક ખાદ્ય મિષ્ઠાન તેના ત્યાગ રૂપે અનાહારી પદની પ્રાપ્તિ માટે ધરવાના છે.

ચંદ્ર પર સિદ્ધશિલાની પ્રાપ્તિ અર્થે એટલે અક્ષય પદની પ્રાપ્તિ મોક્ષ ફળની પ્રાપ્તિ અખંડ બદામ–સોપારી કે સુંદર ઉત્તમ ફળ મૂકવાનાં છે. મોહનો રાગ છોડવા માટે વસ્તુ ઉપરનું મમત્વ ઘટાડવા માટે પણ નૈવેદ્ય ફળ પૂજા જરૂરી છે.

પ્રથમ સાથિયાની ઢગલી કરવી પછી દર્શન–જ્ઞાન ચારિત્રની ઢગલી કરી છેલ્લે ઉપર સિદ્ધ-શિલાની ઢગલી કરવી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સાથીયામાં | ૧ લું | ખાનું | નારક | ગતિનું | પ્રતિક | છે. |
| ,, | ૨ જું | ,, | તિર્યંચ | ,, | ,, | ,, |
| ,, | ૩ જું | ,, | મનુષ્ય | ,, | ,, | ,, |
| ,, | ૪ થું | ,, | દેવ | ,, | ,, | ,, |

સાથિયો ચાર ગતિના સ્વરૂપે છે. હે ભગવાન ! આ ચાર ગતિનાં અનંતાનંત સંસાર ભ્રમણ મેં કર્યું છે તો હવે છૂટકારો કર સાથિયા ઉપર ઉત્તમ ઘરનું બનાવેલું કાળ મર્યાદા મુજ-બનું (ખપે તેવું નિર્દોષ નૈવેદ્ય મુકવું. અને અણાહારી પદની માંગણી કરવી.)

દર્શન જ્ઞાન ચારિત્રની ઢગલી ઉપર નાણું મુકવું.

સિદ્ધસીલા ઉપર — આવી આડી લીટી કરવી કારણ ઉભી લીટી સિદ્ધશીલાનું પ્રતિક છે. સિદ્ધો ત્યાં વસે છે. મોક્ષ ફળ માંગવા આપણે ઉત્તમોત્તમ ફળ મુકવું. જોઇએ. આથી સમર્પણ ભાવ અને આત્મ જાગૃતી આવે છે.

અંગે પૂજા પછી અગ્રપુજા અને ત્યારબાદ ભાવ પૂજા આવે. અંગે પૂજા પુર્ણ કરી ત્રીજી નિસીહી કહી ચૈત્યવંદન કરવા બેસવું તે ભાવપુજા.

સાથિયાની ક્રિયા અને ચૈત્યવદન સાથે ન થાય. ભેગી ક્રિયા ડહોળાઈ જાય છે. ક્રિયાનું હાર્દ જળવાઈ નહિ.

ચૈત્યવદન કરતાં વર્ણ, અર્થ અને પ્રતિમા એ ત્રણનું આલંબન લ્યો.

વર્ણાલંબન–બોલતા સૂત્રોના શબ્દોમાં ઉપયોગ. તે ઉપયોગ વચન ઉપર કાબુ રાખે છે.

અર્થનું આલંબન–બોલતાં સૂત્રોના અર્થોમાં ઉપયોગ, તે ઉપયોગ તેમાં મનને નિયંત્રણમાં રાખે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતીમાજીનું આલંબન-સામે રહેલ પ્રતિમાંમાં ઉપયોગ તે ઉપમોગ કાયાને કાબુમાં રાખે છે.

પૂજા ચૈત્યવંદન કરનારે તે વખતે વીતરાગની અવસ્થાત્રિકપિંડસ્થ અવસ્થા, પદસ્થ અવસ્થાને રૂપાતીતી અવસ્થા ભાવવી.

તે રીતે ચૈત્યવંદન કરતાં ભગવાન જે દિશામાં હોય તે દિશા સિવાયની બાકીની ત્રણ દિશા તરફ જોવાને ત્યાગ કરવો. અર્થાત આડું અવળું ન જોવું. માનસીક શુભ ધ્યાન ધ્યાવવું. ભાવોલ્લાસ વધારવો.

ચૈત્યવંદન શરુ કરતાં પૂર્વે જયણા માટે ભૂમી ત્રણ વાર ખેસના છેડાથી પ્રમાર્જવી જોઇએ અને ઇરિયાવહિયા કહી એક લોગસ્સનો કાઉસ્સગ કરી પછી પ્રગટ લોગસ્સ કહી ચૈત્યવંદન શરૂ કરવું. અથવા ઇરિયાવહિયા આદિ કર્યા સિવાય પણ ચૈત્યવંદન કરે છે.

ચૈત્યવંદન શરૂ કરતાં આપણાં નેત્રો પ્રભુજીની વીરાગતા નીતરતી અને સમતા કરુણા રસ ઝરતી પ્રતિમા પર સ્થિર કરી દેવાં.

શ્લોકો-સૂત્રો બોલતી વખતે સ્પષ્ટ, શુદ્ધ, ઉચ્ચાર, સ્વર તથા વ્યંજનો, આદિ ભેટ સમજાય તે રીતે સંપદાઓનો ખ્યાલ આવે તેમ અને યોગ્ય ધ્વની પૂર્વક બોલવાં. સૂત્રો બોલતી વખતે તેના અર્થનો ખ્યાલ કરવો.

ત્રણ મુદ્રાઓ :- ચૈત્યવંદનાદિ વખતે શરીરના હાથ, પગ, વગેરે અવયવોને અમુક ચોક્કસ આંકારમાં-સ્થિતિમાં રાખવાં તે મુદ્રાના ત્રણ પ્રકારો છે. A યોગમુદ્રા B મુક્તા શક્તિ મુદ્રા C જિન મુદ્રા

યોગ મુદ્રા :—બે હાથની આંગળીઓના ટેરવા પરસ્પર એક બીજાના આંતરામાં ભરાવી કમળના ડોડાના આકારે બે હાથ રાખી, હાથની કોણી પેટ પર રાખી હથેલી સહેજ પહોળી રાખી હાથ જોડવા તે યોગ મુદ્રા યોગ એટલે બે હાથનો સંયોગ આ મુદ્રા વિઘ્નને દૂર કરે છે.

નમુત્થુણં, આદી પાંચ દંડક સૂત્ર, આ યોગ મુદ્રામાં રહી બોલવા જોઇએ.

મુક્તાશક્તિ મુદ્રા શુ મુક્તા એટલે મોતી અને શુકિત એટલે છીપ. મોતીની છીપના આકાર જેવી મુદ્રા.

જિન મુદ્રા :— શ્રી તીર્થંકર પરમાત્મા જે મુદ્રાથી કાઉસ્સગ્ગમાં રહે છે ઉભા રહે છે તે જિન મુદ્રા એમાં બે પગના અંગુઠા વચ્ચે ૪ આગળનું આંતરૂ રહે અને પાછળના બે એડી વચ્ચે ૪ આંગળથી કાંઇક ઓછું. અંતર રહે જિન મુદ્રામાં કાઉસ્સગ્ગ કરવાનો અને ઉભા રહી સૂત્ર બોલતાં બન્ને પગની મુદ્રા આ રીતે રાખવી.

આમાં હાથ જોડાય, હથેલી પોલી રહે. ટેરવા સામ સામા આવે અને કપાળ આગળ ઉંચા રહે "જાવંતિ ચેઇઆઇ" જાવંત કે વિસાહૂ અને 'જયવીયરાય" સૂત્રો આ મુદ્રામાં રહી બોલવાં.

સામાન્ય - આજકાલ કંકોત્રીઓમાં આમંત્રણ પત્રિકાઓમાં-કેલેન્ડરો વિ.માં ભગવાનના નામ-ફોટાઓ વિ. છપાય છે તે યોગ્ય નથી આશાતના થાય છે.

આ લખાણમાં જિનાજ્ઞાની વિરૂદ્ધ કાંઇ પણ લખાયું હોય તો તે માટે મિચ્છામિ દુક્કડમ્ પાઠવું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

શ્રી શ્રેયર્સ જૈન મિત્ર મંડળ રજત જયંતી વર્ષનાં ઉપક્રમે સમાજનાં શ્રેણી ૮ થી ઉપરનાં તમામ ઘોરણનાં ઉચ્ચ ગુણાંક મેળવનાર ૩૫૦ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બ્હેનોને સન્માનવાનો અને પારિતોષિક એનાયત કરવાનો ભવ્ય સમારંભ વિશાળ હાજરીમાં મુંબઈ નિવાસી શેઠ શ્રી અનંતરાય હીરાચંદ શાહ (દાઠાવાળા) ના પ્રમુખ સ્થાને અને શેઠશ્રી કાંતિલાલ એલ. શેઠ (સાવરકુંડલાવાળા) નાં તથા શેઠશ્રી કાંતીલાલ એન. શેઠ (તળાજાવાળા) નાં અતિથિ વીશેષ પદે યોજાઈ ગયેલ.

સમારંભ પ્રમુખશ્રીનો પરિચય શ્રી મનુભાઈ શેઠે તથા અતિથિ વિશેષોનો પરિચય શ્રી સુર્યકાન્ત આર. શાહ (જે. બી. ગ્રુપ) તથા શ્રી કાંતીલાલ જી. દોશીએ આપેલ.

સમારંભ પ્રમુખશ્રી અનંતરાય હીરચંદ શાહે શ્રેયર્સનાં એક વિધકાર્યની સમીક્ષા જાણી ઉંડા આનંદની લાગણી વ્યક્ત કરી શુભેચ્છા પાઠવેલ.

'શ્રેયર્સ' ની વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા સંસ્થાનાં માનદમંત્રીશ્રી નવિનભાઈ કામદારે વિસ્તૃત રીતે રજુ કરેલ અને રજત જયંતી વર્ષ દરમ્યાન થયેલ કાર્યની ઝાંખી કરાવેલ.

ભાવનગર જૈન સંઘનાં મંત્રી શ્રી જેન્તીલાલ મગનલાલે સંસ્થાના ઉત્તરોતર વિકાસ બદલ આનંદની લાગણી વ્યક્ત કરેલ. મેયર શ્રી રમણીકભાઈ પંડયાએ સંસ્થાની ઉત્તરોતર પ્રગતી સાથે શુભેચ્છા વ્યક્ત કરેલ.

પારિતોષીક પ્રસંગે પ્રતિ વર્ષ ધાર્મિક શિક્ષણ આપતાં શિક્ષક-શિક્ષકોનું પણ બહુમાન કરવામાં આવેછે.

તા. ૧૬-૧૦-૮૨ નાં સમાજનાં ૪૦૦ ઉપરાંત તેજસ્વી ભાઈ-બ્હેનોને આકર્ષક વિવિધ પ્રકારનાં ઈનામો શ્રી લોકાસંઘની વાડીમાં આપવામાં આવેલ.

તા. ૧૭-૧૦-૮૨ રવીવારનાં ટાઉનહોલમાં વિશાળ માનવ સમુદાય વચ્ચે શ્રેણી ૮ ઉપરનાં તમામ ઘોરણનાં ૩૫૦ ઉપરાત તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બ્હેનોને આકર્ષક ઈનામો અપાયા.

સમારંભનું સફળ સંચાલન શ્રી નવીનભાઈ કામદારે સંભાળેલ.


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઇટલ ૧નું ચાલુ )

**એતી તો હું જાનું નિહચે, રીચીંચર ન જરાઉ જહેરી ।**
**જબ અપનો પદ આપ સંભારત,**
**તબ તેરે પર સંગપરેરી ॥ મેરી ॥ (૨)**

એટલું તો હું નિશ્ચય જાણું છું કે પીત્તળ પર સાચું નંગ જડવાનું કાર્ય કોઇ ઝવેરી કરે નહિ. જ્યારે પોતાનું શુદ્ધ પદ પોતે આત્મા સંભારે છે, ત્યારે ખરેખર આત્માથી તારા પ્રસંગમાં પડાય છે.

આત્મસ્વામી સમતાને કહે છે, "જ્યારે હું પોતાનું શુદ્ધ સ્વરૂપ સંભારૂં છું ત્યારે દેહ, વાણી, અને મનથી હું ભિન્ન છું–એમ સત્ય ભાસે છે. હે સમતે! હું તારા સંબંધમાં આવ્યો છું તને કદાપિ છોડનાર નથી."

**ઔસર પાઈ અધ્યાત્મશૈલી, પરમાતમ નિજ યોગ ધરેરી ।**
**શક્તિ જગાવે નિરુપમ રુપકી, આનન્દઘન**
**મિલી કેલી કરેરી ॥ મેરી ॥ (૩)**

આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપ અવબોધીને, અવસર પામી, અધ્યાત્મ શૈલીનો જ્ઞા ા થયો. આત્માને તુરત મુક્તિમાર્ગમાં પ્રવેશ કરાવનારી અધ્યાત્મ શૈલી છે. જડને જડપણે ઓળખાવનારી અને આત્માને આત્માપણે ઓળખાવનારી અધ્યાત્મ શૈલી છે. પોતાના શુદ્ધ ગુણોની શક્તિયોને સમતાના યોગે પ્રકટાવવા લાગ્યો અને આનન્દનો સમૂહભૂત એવો શુદ્ધાત્મા સમતાની સાથે એક સ્થિર ઉપયોગમાં રમણતારૂપ ક્રીડા કરવા લાગ્યો. એમ શ્રી આનન્દઘનજી મહારાજ સાહેબ આત્મા અને સમતાનું સ્વરૂપ હૃદયના અનુભવથી જણાવે છે.



કુ. છાયાબહેન લહેરચંદ

## અભિનંદન

કુમારી છાયાબહેન લહેરચંદ દોશી, ૧૯૮૨ માર્ચની **S. S. C.** પરીક્ષામાં અંગ્રેજી અને સંસ્કૃત વિષયમાં જૈન જ્ઞાતિમાં પ્રથમ આવતાં, શ્રી જૈન આત્માનંદ સભા તરફથી આપવામાં આવતા બન્ને ઇનામો મેળવે છે. સભા તરફથી અભિનંદન, ભવિષ્યમાં વિશો પ્રગતિ સાધે તેવી શુભેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમ પૂજ્ય વિદ્વાન

**મુનિરાજશ્રી જમ્બુવિજયજી મહારાજના**

વરદ્ હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

---

બહાર પડી ચુકેલ છે **જિનદત્તકથાનકમ્** (અમારૂં નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે.

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે

**કિંમત રૂા. ૮-૦૦**

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા** : ખારગેટ, **ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ઠી શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મુળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નીર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| શ્રાવકધર્મ વિધિ પ્રકરણમ્ | ૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે | |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| લે.સ્વ. પૂ. આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક : પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| ધર્મ પરીક્ષા ગ્રંથ | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| તીર્થંકર દર્શન ચોવીશી | ૫-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : સ્વ. શેઠ હરિલાલ દેવચંદ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ ભાવનગર.

For Private And Personal Use Only